THURSDAY
૧૧-૦૩-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, મહા વદ ૧૩
અંક : ૧૩૨
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### રાવતસિંહના રાજીનામા બાદ ધારાસભ્ય દળની બેઠકમાં સીએમ તરીકે તીરથસિંહના નામની ઘોષણા

# દેવભૂમી ઉત્તરાખંડના નવા 'નાથ' તીરથસિંહ રાવત

(જી.એન.એસ)દહેરાદૂન,તા.૧૦

ઉત્તરાખંડમાં છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલ રાજકીય ગરમાગરમી બાદ બુધવારે ભાજપ સાંસદ તીરથ સિંહ રાવત રાજ્યના મુખ્યમંત્રી બની ગયા. સાંજે ૪ કલાકે રાજભવનમાં આયોજીત સમારોહમાં રાજ્યપાલ બેની રાની મૌર્યએ તેમને સીએમ પદના શપથ અપાવ્યા. આ પહેલા ધારાસભ્ય દળની બેઠકમાં બધા ધારાસભ્યોએ તીરથ સિંહ રાવતને સર્વસંમતિથી પોતાના નામે ચૂંટ્યા હતા. શપથ ગ્રહણ સમારોહમાં કેન્દ્રીય મંત્રી સહિત અનેક મોટા નેતા ઉપસ્થિત રહ્યા હતા. તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સીએમ પદના શપથ લીધા બાદ તીરથ સિંહ રાવતને શુભેચ્છા આપી છે. તેમણે ટ્વીટ કર્યુ, ઉત્તરાખંડના મુખ્યમંત્રી તરીકે શપથ લેવા પર શુભેચ્છા. તેમની પાસે લાંબો પ્રશાસનિક અને સંગઠનાત્મક અનુભવ છે. મને વિશ્વાસ છે કે તેમના નેતૃત્વમાં રાજ્ય નવી ઉંચાઈઓ પર પહોંચશે.



મુખ્યમંત્રી પદના શપથ લીધા બાદ તીરથ સિંહ રાવતે કહ્યુ કે, હું બધાને સાથે લઈને ચાલીશ. મેં આરએસએસમાં બધાને સાથે લઈને ચાલવાની ટ્રેનિંગ લીધી છે. મેં પૂર્વ પીએમ અટલજીની સાથે કાર્યકર્તાના રૂપમાં કામ કર્યુ. અટલજીએ અમારી સાથે જમીન પર બેસીને ભોજન કર્યુ. ટ્રેનમાં થર્ડ ક્લાસમાં યાત્રા કરી જેથી મને પ્રેરણા મળી. મારી સફળતામાં સંઘમાંથી પ્રેરણા મળી. પત્ની, માતા-પિતા બધા સાથે છે.

આ પહેલા ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટાયા બાદ તીરથ સિંહ રાવતે કહ્યુ, તમારા લોકોના આશીર્વાદથી અહીં સુધી પહોંચ્યો છું. હું નાના ગામમાંથી આવ્યો છું. ક્યારેય વિચાર્યુ નહતું કે મુખ્યમંત્રી બનીશ .આજે પણ કહી શકુ છું કે જે મોટી જવાબદારી આપી મેં તેને નિભાવી. પ્રદેશના સારા માટે કામ કરીશ, ટીમ ભાવનાથી આગળ વધીશું. ત્રિવેન્દ્ર જીએ જે પ્રદેશનો વિકાસ કર્યો છે, છેલ્લા ૧૦ વર્ષમાં આવુ કામ થયું નથી. હું તેને આગળ લઈ જવાનો છું. વર્તમાનમાં તેઓ પૌડી લોકસભા સીટથી સાંસદ છે. આ પહેલા તેઓ ચૌબટ્ટાખાલ વિધાનસભા સીટથી ધારાસભ્ય રહી ચુક્યા છે. તેઓ ભાજપના રાષ્ટ્રીય સચિવ પણ છે.

## સાંસદ મોહન ડેલકર આત્મહત્યા કેસની તપાસ સીટ દ્વારા કરાશે

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૦

મહારાષ્ટ્રના ગૃહ પ્રધાન અનિલ દેશમુખે દાદરા નગર હવેલીના અપક્ષ સાંસદ મોહન ડેલકરની આત્મહત્યાની તપાસ માટે એસઆઈટીની નિયુક્તિ કરી હોવાની જાહેરાત કરી હતી.

દાદરા નગર હવેલીના સંસદ મોહન ડેલકરે ૨૨મી ફેબ્રુઆરીએ મુંબઈની મરીન લાયન્સ હોટેલ ખાતે આત્મહત્યા કરી હતી અને ભાજપના ભૂતપૂર્વ પ્રધાન અને હાલના દાદરા નગર હવેલીના એડમિનિસ્ટ્રેટર પ્રફુલ પટેલ દ્વારા પરેશાન કરવામાં આવતા હોવાનું કારણ સ્યૂસાઈડ નોટમાં લખ્યું હતું. આ સાથે પોતાને મહારાષ્ટ્રમાં ન્યાય મળશે, તેથી મુંબઈમાં આત્મહત્યા કરી રહ્યા હોવાનું પણ તેમણે લખ્યું હતું. સાત ટર્મથી સાંસદપદે રહેલા ડેલકરે એક વીડિયો પર શૂટ કર્યો હતો, જેમાં તેમની કનડગત કરવામાં આવતી હોવાથી તેઓ કંટાળી ગયા હોવાની ફરિયાદ તેમણે કરી હતી. સાંસદ મોહન ડેલકરના પરિવારે મંગળવારે વિધાન ભવનમાં મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને મળ્યા. રાજ્ય સરકારે ડેલકરના મોતની તપાસ માટે વિશેષ તપાસ ટીમની નિમણૂક કરી છે.

## હિમાચલ પ્રદેશના ચંબામાં ૨૦ લોકો ભરેલી બસ ખીણમાં પડતા સાતના મોત

(જી.એન.એસ)ચંબા,તા.૧૦

હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં બુધવારની સવારે દૂર્ગમ વિસ્તાર તીસામાં એક ખાનગી બસ અનિયંત્રિત થઈને ખીણમાં પડી ગઈ. માહિતી મુજબ બસમાં લગભગ ૨૦ લોકો સવાર હતા. દૂર્ઘટનામાં સાત લોકોના ઘટના સ્થળે જ મોત થઈ ગયા હતા. વળી, લગભગ ૧૦ લોકો ગંભીર રીતે ઘાયલ થઈ ગયા છે. પોલિસના જણાવ્યા અનુસાર પોલિસે ઘાયલોને હોસ્પિટલમાં ભરતી કરાવ્યા છે. પોલિસ અને પ્રશાસનના અધિકારી સાથે સ્થાનિક લોકો પણ બચાવ કાર્યમાં લાગી ગયા છે. મુખ્યમંત્રી જયરામ ઠાકુરે દૂર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યુ છે. મુખ્યમંત્રીએ કહ્યુ કે દૂર્ઘટનામાં મૃતકોના પરિવારને ચાર-ચાર લાખ રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવશે. આ ઉપરાંત ઘાયલોને પણ દરેક સંભવ મદદ કરવામાં આવશે.



માહિતી મુજબ બુધવારે સવારે લગભગ ૧૦ વાગે તીસાના કૉલોની વળાંક પર બસ નિયંત્રણ ગુમાવીને ખીણમાં પડી ગઈ. બસમાં લગભગ ૨૦ લોકો સવાર હતા.

### સબમરીનનું વજન આશરે ૧૬૦૦ ટન, મેક ઇન ઇન્ડિયા મિશનની વધુ એક સફળતા સફેદ શાર્કને ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરાઇ

## ભારતીય નૌસેનામાં સબમરિન કરંજ સામેલ

ચક્રવાત ટીમ મુંબઈ તા ૧૦

આત્મનિર્ભર ભારતે વધુ એક સફળતા મેળવી હતી. એકસાથે અનેક ઉપગ્રહ અવકાશ માં મોકલ્યા બાદ ઈન્ડિયન નેવીની શાન માં એક વધુ યશકલગી નું પીછું ઉમેરાયું હતું. ભારતીય નૌકાદળની તાકાત વધારવા માટે સ્કોર્પિન ક્લાસની ત્રીજી સબમરીન આઈએનએસ કરંજ બુધવારે નૌકાદળના કાફલામાં જાડાઈ છે. આઈએનએસ કરંજ પહેલા આઈએનએસ કાલવરી અને આઈએનએસ ખંડેરી ઈન્ડિયન નેવીમાં શામેલ થઈ છે. નૌકાદળને ૬ સ્કોર્પિન ક્લાસ સબમરીન આપવાની છે. જેમાંથી ત્રણને સોંપવામાં આવી છે અને ચોથી આઈએનએસ વેલાને પરીક્ષણ માટે મોકલવામાં આવી છે. કરંજ સબમરીન કોલ્વેરી-ક્લાસ ડીઝલ ઈલેક્ટ્રિક સબમરીનમાંથી ત્રીજી સબમરીન છે જેણે ૨૦૧૭ થી નૌકાદળમાં કામગીરી શરૂ કરી.

કરંજ એ એક નાનું સબમરીન છે જેની લંબાઈ ૭૦ મીટર છે. તેની ઉંચાઈ ૧૨ મીટર છે. પરમાણુ શક્તિ દ્વારા સંચાલિત સબમરીન અરિહંત સાથે આની તુલના કરી શકાતી નથી, જાકે



સબમરીનનો આ વર્ગ તેના પોતાના અલગ ફાયદા ધરાવે છે.

અણુશક્તિ દ્વારા સંચાલિત આ સબમરીન લાંબી અને ભારે છે. આ સબમરીનનું વજન આશરે ૧૬૦૦ ટન છે. આ સબમરીન સમુદ્રની અંદર મદુશ્મનનો નાશ કરવાની શક્તિ ધરાવે છે. આ સબમરીન વ્હાઈટ શાર્કને ધ્યાનમાં રાખીને બનાવાઈ છે.

આઈએનએસ કરંજ મિસાઈલ અને ટોરપીડોથી સજ્જ છે અને સમુદ્રમાં માઈન્સ પાથરવામાં પણ સક્ષમ છે. લગભગ ૩૫૦ મીટર ઉંડા દરિયામાં આઈએનએસ કરંજને તૈનાત કરી શકાય છે. તેમાં ઑક્સિજન બનાવવાની ક્ષમતા પણ છે જેનાથી લાંબા સમય સુધી પાણીની અંદર રહી શકે છે. પાંચમી સબમરીન વાગીર પણ દરિયામાં ઉતારવામાં આવી છે. સ્કોર્પિન વર્ગની છઠ્ઠી સબમરીન વાગશિર પણ મઝગાંવ ડોકયાર્ડમાં બનાવવાનું શરૂ થઈ ગયું છે.




## લિવ ઈનમાં છોકરા-છોકરી વચ્ચે બંધાયેલા સંબંધો રેપ નહીં : સુપ્રિમ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૦

સુપ્રીમ કોર્ટે એક કેસના ચુકાદામાં કહ્યું છે કે જો મહિલાને લગ્ન માટે આપવામાં આવેલું વચન શરૂઆતથી જ જુઠ્ઠુ હોય તો તેવા કિસ્સામાં ફરિયાદને રેપ માનવામાં આવશે, અન્યથા રેપ માનવામાં નહીં આવે. આ કેસમાં સુપ્રીમ કોર્ટે રેપના એક આરોપીની સામે દાખલ ચાર્જશીટ રદ કરવાનો આદેશ આપ્યો હતો. આ મામલો ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લા સાથે સંકળાયેલો છે. ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ અને એમ આર શાહની બેંચે આ આદેશ આરોપી સોનુની એફઆઈઆર રદ કરવાની માગણીને ધ્યાનમાં રાખીને આપ્યો હતો.

## ભારત અને ચીન ટકરાવ બાદ ચીન સીમા પરથી પાછળ હટ્યું નથી : અમેરિકા

### અમેરિકાના સંરક્ષણ મંત્રાલય પેન્ટાગોનમાં તૈનાત લશ્કરી અધિકારીનો ખુલાસો

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૧૦

ભારત અને ચીન વચ્ચે થયેલા સમજૂતિ કરાર પ્રમાણે બંને દેશની સેનાઓ લદાખ મોરચે પાછળ હટી છે ત્યારે અમેરિકાના એક ટોચના લશ્કરી કમાન્ડરે સ્ફોટક દાવો કર્યો છે. અમેરિકાના સંરક્ષણ મંત્રાલય પેન્ટાગોનમાં તૈનાત એડમિરલ ફિલિપ ડેવિડસનનુ કહેવુ છે કે, ભારતીય સેના સાથે ટકરાવ બાદ ચીન લદાખ બોર્ડર પર ઘણી જગ્યાએ પાછળ હટ્યુ નથી.

સાથે સાથે તેમણે એમ પણ કહ્યુ



હતુ કે, અમેરિકાએ ભારતને ઘણી ઉપયોગી માહિતી અને ઠંડા વિસ્તારોમાં સૈનિકો માટે જરુરી કપડા તથા બીજા ઉપકરણો પણ પૂરા પાડીને ભારતની મદદ કરી છે.

અમેરિકાના યુએસ ઈન્ડો પેસિફિક કમાન્ડના કમાન્ડર એડમિરલ ડેવિડસને સેનેટના સભ્યોને જાણકારી આપતા કહ્યુ હતુ કે, ચીનની સેનાએ શરુઆતમાં ટકરાવ બાદ જે વિસ્તારો પર કબ્જો કર્યો હતો તેમાંથી ઘણી જગ્યાએથી તે પાછળ હટયુ નથી.ચીન સાથેના ઘર્ષણ બાદ ભારતને અહેસાસ થયો છે કે, સંરક્ષણ માટેની કેટલીક જરુરિયાતો પૂરી કરવા માટે બીજા દેશો સાથે સહયોગ અનિવાર્ય છે.

## મમતા બેનરજી પર નંદીગ્રામમાં હિંસક હૂમલો : પ્રવાસ ટૂંકાવી કોલકત્તા પરત

### કલકત્તા ખાતે પહોંચ્યા આજે પક્ષનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડશે

ચક્રવાત ટીમ નવી દિલ્હી તા.૧૦

દેશમાં ૪ રાજ્યોની વિધાનસભા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયા બાદ પશ્ચિમ બંગાળમાં પોતાનો પગદંડો મજબુત કરવા ભાજપ નેતાગીરી મક્કમતા દર્શાવી રહેલ છે તો સમગ્ર ભાજપ સામે એકલવીર મમતા બેનર્જી પોતાની સત્તા ત્રીજી ટર્મ માટે ટકાવવા પ્રયાસો કરી રહેલ છે. મમતા બેનર્જીએ આજે વિધાનસભા માટે નંદિગ્રામ બેઠક પરથી ઉમેદવારી નોંધાવ્યા બાદ સમગ્ર દિવસ નંદિગ્રામમાં રોકાણ કરવાના હતાં પરંતુ તેના ૨ એક સ્થળે હલ્લો થતાં મમતા બેનર્જીને પગમાં તથા ચહેરા પર ઈજાઓ થઈ હતી ત્યાર બાદ મમતા બેનર્જીએ પોતાનો પ્રવાસ ટુંકાવી કલકત્તા ખાતે પહોંચ્યા હતા. નંદિગ્રામ મહાસંગ્રામમાં મમતા બેનર્જી પર હુમલો થયો તેના પાછળ ભાજપનું ષડયંત્ર હતું તેમ તેમણે જણાવેલ જ્યારે ભાજપના નેતાઓ આ વાતને નકારી રહ્યા છે. રાજ્યના મુખ્યમંત્રી પર થયેલ હુમલા મામલે રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક તંત્ર અને પોલીસ પાસેથી વિગતવાર અહેવાલ મંગાવેલ છે. ભાજપ નેતાઓ આ કૃત્યને ટી.એમ.સી.ની હતાશા ગણાવી રહ્યા છે. જ્યારે મમતા ભાજપના કેટલાક ગુંડાઓ દ્વારા હુમલો કરાયાનું દોષારોપણ કરી રહ્યા છે. મમતા બેનર્જી ઝેડ પ્લસ સલામતિ ધરાવતી વ્યક્તિ છે. છતાં હુમલો થયો તે આશ્ચર્યજનક ઘટના કહી શકાય!

## હરિયાણા વિધાનસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ પર ખટ્ટર સરકારની જીત

(જી.એન.એસ.)ચંડીગઢ,તા.૧૦

મનોહરલાલ ખટ્ટર સરકારે અવિશ્વાસ પ્રસ્તાવ પર થયેલા મતદાનમાં હરિયાણા વિધાનસભામાં જીત હાસિલ કરી છે. અવિશ્વાસ પ્રસ્તાવના પક્ષમાં ૩૨ અને વિરોધમાં ૫૫ મત પડ્યા છે. મહત્વનું છે કે વિધાનસભામાં કોંગ્રેસના ૩૦ ધારાસભ્યો છે.

વોટિંગ પહેલા અવિશ્વાસ પ્રસ્તાવ પર બોલતા મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે કહ્યુ કે, આ પ્રસ્તાવ લાવવા માટે કોંગ્રેસનો આભાર. કોંગ્રેસની મૃગતૃષ્ણા ક્યારેય પૂરી નહીં થાય.

ખટ્ટરે કહ્યુ, નો કોન્ફિડેન્શ કોંગ્રેસની સંસ્કૃતિ છે. જ્યારે પાર્ટી ચૂંટણી હારી જાય તો તેને ઈવીએમ પર વિશ્વાસ થતો નથી. સર્જિકલ સ્ટ્રાઈકના પૂરાવા માંગે છે. જો કોંગ્રેસ સત્તામાં રહે છે તો બધુ પરાબર છે, પરંતુ ભાજપ સત્તામાં છે તો નહીં.

તો હરિયાણાના નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાએ વિધાનસભામાં કહ્યુ, ૧૦ વર્ષથી નારો લાગ્યો કે હુડ્ડા તેરે રાજમાં કિસાન ની જમીન ગઈ વ્યાજ મેં. છેલ્લા એક વર્ષમાં અમે ૩૦૦૦૦ હજાર કરોડ રૂપિયાના પાક એમએસપી પર ખરીદ્યા છે. તે માટે અમે ૧૮૦૦ ખરીદ કેન્દ્ર બનાવ્યા હતા.

તેમણે કહ્યું કે, આ વખતે પણ પ્રત્યેકને વિશ્વાસ અપાવીએ છીએ કે જ્યારે મંડીમાં તમારૂ ફોર્મ આવશે, તેના બે દિવસની અંદર તમારા ખાતામાં પૈસા પહોંચી જશે.

# જોડિયામાં જીરૂનો પાક પાયમાલ થતા સરકાર પાસે રાહત પેકેજની માંગ



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૧૦

જોડિયા ગામે રહેતા ખેડૂત ખાતેદાર મગનભાઈ ભવાનભાઈ કાનાણીની ઉગમણી દિશામાં ૪૨ વીઘા ખેતીની જમીન સર્વે નંબર ૧૧૭ પેકી ની જમીનમાં ચાલુ વર્ષે જીરાનું વાવેતર કરવામાં આવ્યું હતું. અને આ વાવેતર પાછળ આશરે ૨ થી ૩ લાખ રૂપિયા જેવો ખર્ચ થયો છે. અને જીરાના વાવેતરથી આશરે ઊપજમાં દશ લાખ રૂપિયાની આવકનો આશરો હતો. પણ છેલ્લા એક અઠવાડિયાથી કુદરતી આફત ધૂમમ્સ સતત આવતા જીરાના ઉભા પાકને બાળીને સાવ ખતમ કરી નાખ્યો છે. આ રીતે ખેડૂતો ઉપર અવારનવાર મોટી આફત આવ્યા કરે છે. હાલમાં ખેડૂતો પાયમાલ થઈ ગયો છે. જો સરકાર તરફથી ખેતી ઉપર થોડી ઘણી પણ નજરમાં રાખી ને પેકેજ ની જાહેરાત કરવામાં આવે તેવી આશા છે.

# આજે સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવતા ભક્તોને ૨૫૦૦ કિલો ખીચડીનો પ્રસાદ



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૦

પરમ સંત બાબા ઉમાકાન્તજી મહારાજ દ્વારા પ્રેરિત 'બાબા જય ગુરુદેવ ધર્મ વિકાસ સંસ્થા', ઉજ્જૈન દ્વારા મહાશિવરાત્રીમાં ભગવાન શ્રી સોમનાથના દર્શનાર્થે ભારત ભરમાંથી આવતા ભક્તજનો માટે ૨૫૦૦ કીલો ફરાળી ખીચડી પ્રસાદ સ્વરૂપે આપવામાં આવશે. બાબા જય ગુરુદેવ ધર્મ વિકાસ સંસ્થા છેલ્લા એક મહિનાથી સોમનાથ આવતા યાત્રિકોની જઠરાગ્નિ ઠારવાનું કામ પણ કરી રહી છે. આ સંસ્થા સોમનાથ ની જેમ દેશના અન્ય ધાર્મિક સ્થાનોમાં પણ નિઃશુલ્ક ભોજનાલય ચલાવે છે. આ ભોજનાલયમાં યાત્રિકો પાસેથી એક પણ રૂપિયાનું દાન સ્વીકારાતું નથી. છતાં પણ જો કોઈ યાત્રિક આગ્રહ રાખે તો તેના વ્યસન મુક્તિનો સંકલ્પ દાન કરવાનું સંસ્થાના સ્વયંસેવકો દ્વારા કહેવામાં આવે છે. આ ભોજનાલયમાં સેવા આપતા રસોયા ભાઈઓ થી માંડી બધા જ કાર્યકર્તાઓ પોતાના ધંધા રોજગાર છોડી ફક્ત અને ફક્ત સેવાના ઉદેશ્યથી પોતાનો અમૂલ્ય સમય આ સેવાકાર્યમાં ફાળવે છે. આ સેવા કાર્ય માં કોઈ પગારદાર નથી, તમામ લોકો નિશુલ્ક સેવા આપે છે.

# બાબરા તાલુકા હેલ્થ કચેરી ખાતે આશા સંમેલન યોજાયું



ચક્રવાત ટીમ બાબરા, તા.૧૦

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.જયેશ પટેલ તથા જિલ્લા આર સી એસ અધિકારી ડો. આર.કે જાટ ની સુચના અને માર્ગદર્શન અનુસાર આરોગ્ય અધિકારી ડો.અક્ષય અને તાલુકા હેલ્થ સુપરવાઈઝર રાજેશભાઈ સલખના દ્વારા સુંદર આયોજન અને વ્યવસ્થા કરી બાબરા તાલુકા હેલ્થ કચેરી ખાતે તાલુકાની તમામ આશા બહેનો આશા ફેસિલિટેટર બેહનો નું વિશાળ સમેલન યોજાયું. આરોગ્ય ના તમામ કાર્યક્રમો સુધીકરણ અને પ્રોત્સાહન તથા માર્ગદર્શન હેતુ યોજાયેલ આ સંમેલનમાં જિલ્લા કચેરી માંથી સર્વિસ ઓફિસર ડો.એ.કે. સિંગે હાજરી આપેલ હતી જરૂરી માર્ગદર્શન આપેલ.

તાલુકા હેલ્થ ઓફિસર ડો.અક્ષય દ્વારા કોવીડ-૧૯ રસીકરણ તેમજ ફેમીલી પ્લાનીગ, વાહક જન્યરોગ વિશે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ.

# સોમનાથથી વેરાવળની સીટી બસ સેવા શોભાનાં ગાંઠિયા સમાન



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૦

બાર જ્યોર્તિલીંગ સોમનાથ મહાદેવ મંદિરે શિવરાત્રીના પર્વ પર હજારો લાખો ભાવિકો દર્શનાથે પધારતાં હોઈ જેમાં વેરાવળ પાટણ સંયુકત નગરપાલિકા તંત્રની સીટી બસ સેવા નગર પાલિકાની નહીં પણ કોન્ટ્રાક્ટરની માલીકીની હોય તે રીતે સીટી બસ સેવા શોભાનાં ગાંઠિયા સમાન જોવાં મળે છે ત્યારે તંત્ર મોન છે. છેલ્લા પાંચ વર્ષથી આ કામગીરી માટે વેરાવળના એક સ્થાનિકને નગરપાલિકાએ બસો સોંપેલ પણ કોન્ટ્રાક્ટરે બસો ચલાવી પોતાના ખિસ્સા ભર્યા અને નગરપાલિકાને પૈસાની ચુકવણી કરવાની જરૂર તેમને ન જણાય છતા પણ નગરપાલિકા તંત્ર દ્વારા આ કોન્ટ્રાક્ટર સામે કોઈ ફરિયાદ કે પગલાં લીધા ન હોય ત્યારે હાલ તો ત્રણ સીટી બસો અત્યારે ભંગાર હાલતમાં જોવા મળી રહી છે ત્યારે શિવરાત્રીમાં દર્શનાથીઓને તેમજ વેરાવળના શહેરીજનો સીટી બસોની સુવિધાથી પણ વંચિત જ રહી ગયા છે. કોન્ટ્રાક્ટરની બેદરકારી અને લોલંલોલ કામગીરીથી ધમધમતી સીટી બસો અત્યારે ભંગાર હાલતમાં શોભાનાં ગાંઠિયા સમાન હોય ત્યારે તંત્ર પણ મૌન સેવી રહ્યું છે.

# રાણીપુરા ગામે શિવરાત્રિ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન



ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૧૦

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના રાણીપુરા ગામે આવેલ જગન્નાથ મહાદેવ મંદિર ખાતે શિવરાત્રી નિમિત્તે બર્ફાની બાબાના શિવલિંગની સ્થાપના કરાશે. ઝઘડિયા તાલુકાના નર્મદા કિનારે આવેલા પૌરાણિક શિવાલયમાં શિવરાત્રી નિમિત્તે વિવિધ કાર્યક્રમોના આયોજન કરવામાં આવ્યા છે. રાણીપુરા ખાતે આવેલ જગન્નાથ મહાદેવ મંદિર ખાતે રાણીપુરાના ગ્રામજનોના સહયોગથી શિવરાત્રી નિમિત્તે બર્ફાની બાબા બરફના શિવલિંગ ની સ્થાપના કરવામાં આવનાર છે. આ ઉપરાંત રાણીપુરા ખાતે શિવરાત્રી નિમિત્તે લઘુરુદ્ર યજ્ઞ તથા મહાઅભિષેકના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શિવરાત્રી નિમિત્તે બરફના શિવલિંગના દર્શન નો લાભ લેવા મંદિર સંચાલકો દ્વારા જણાવવામાં આવ્યુ છે.

# ટંકારા : ૧૩ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો



ચક્રવાત ટીમ ટંકારા, તા.૧૦

ટંકારામાં ઘરફોડ ચોરીની કોશિશના ગુન્હામાં સંડોવાયેલ ઈસમ છેલ્લા ૧૩ વર્ષથી નાસતો ફરતો હોય જેને મોરબી પેરોલ ફર્લો સ્કવોડ ટીમે દબોચી લેવાયો છે. મોરબી પેરોલ ફર્લો સ્કવોડ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન ટંકારા પોલીસ મથકમાં ચોરીની કોશિશના ગુન્હામાં સંડોવાયેલ ઈસમ કલમસિંહ ઉર્ફે કમલ ખેલસિંગ ભાંભર (ઉ.વ.૩૭) રહે એમપી વાળો મોરબીના પાડાપુલ નીચે હોવાની બાતમીને આધારે આરોપીને દબોચી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે ઘરફોડ ચોરીની કોશિશના ગુન્હામાં ૧૩ વર્ષથી નાસતા ફરતા આરોપીને દબોચી લેવામાં સફળતા મળી છે.

# ન્યાયની માંગણી માટે રાણાવાવ પરિવાર દ્વારા જૂનાગઢ રેન્જ આઈજીને આવેદન



ચક્રવાત ટીમ રાણાવાવ, તા.૧૦

રાણાવાવ રહેતા સોલંકી પરિવારે રાણાવાવ પોલીસ સ્ટેશન ના પી.એસ.આઈ ની કનડગત થી જૂનાગઢ રેન્જ આઈ.જી મનીંદર પ્રતાપસિંહ પવાર ને આવેદન પાત્ર પાઠવ્યું હતું અને જણાવ્યું હતું કે રાણાવાવ પોલીસ ની ખોટી તાનાશાહી ની ફરિયાદ પોરબંદર એસ.પી ને પણ કરી હતી.પરંતુ કોઈ કાર્યવાહી ના થતાં જૂનાગઢ રેન્જ આઈ.જી ને આવેદન પાઠવી રજૂઆત કરી હતી રાણાવાવ પી. એસ આઈ. સુધીર સોલંકી ના પરિવાર ના ઘરે રેડ પાડી ભયનો માહોલ ફેલાવે છે ને સિવિલ ડ્રેસ માં આવી રેડ પડે છે ત્યારે કોણ છે તે પણ જાણવા મળતું નથી વધુ મા આવેદનપત્ર મા જણાવ્યું હતું કે રેડ દરમિયાન કોઈ મહિલા પોલીસ પણ સાથે હોતી નથી.સુધીર સોલંકીના માતા ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર ના દર્દી છે.નાના છોકરા ઓ હેબતાઈ જાય છે અને પરિવાર મા ભય નો માહોલ ઊભો થાય છે ત્યારે પરિવાર પણ અસુરક્ષિત હોય એવું લાગી રહ્યું છે આવનાર દિવસો માં આ બાબતે જો તંત્ર તરફ થી યોગ્ય ન્યાય નહીં મળે તો જૂનાગઢ કાળવા ચોક ખાતે ઊગ્ર આંદોલન ની ચિમકી ઉચારી.

# આજે મહાશિવરાત્રી નિમિત્તે ૧૦૧ વર્ષ બાદ રચાશે અદ્ભૂત સંયોગ

## આજે મહાશિવરાત્રી: શિવયોગ, સિદ્ધિયોગ અને ઘનિષ્ઠા નક્ષત્રનો સંયોગ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૦

મહાશિવરાત્રિ ભગવાન શિવજીને પ્રસન્ન કરવા માટે સૌથી સારો દિવસ છે. આ દિવસે ભોલેનાથના ઉપાસક તેમની વિશેષ પૂજા અર્ચના કરીને મનોવાંછિત ફળોની પ્રાપ્તિ કરી શકે છે. આ વર્ષે શિવ પર્વ ખુબજ ખાસ છે. મહાશિવરાત્રીએ ૧૦૧ વર્ષ પછી વિશેષ સંયોગ રચાઈ રહ્યો છે. જ્યોતિષવિદોનું કહેવુ છે કે મહાશિવરાત્રીએ શિવયોગ, સિદ્ધિયોગ અને ઘનિષ્ઠા નક્ષત્રનો સંયોગ છે. આથી આ તહેવારનું મહત્વ વધી ગયુ છે. આ શુભ યોગથી મહાશિવરાત્રીની પૂજા કરવાથી વિશેષ લાભની પ્રાપ્તી થાય છે.

ફાગણ માસની કૃષ્ણ પક્ષની ત્રયોદશી યુક્ત ચતુર્દશી તિથિએ મહાશિવરાત્રીનો તહેવાર મનાવવામાં આવશે. ૧૧ માર્ચ ગુરૂવારે ત્રયોદશી અને ચતુર્દશી છે. આ દિવસે શિવ યોગ, સિદ્ધિ યોગ અને ઘનિષ્ઠા નક્ષત્ર હોવાથી ખુબજ દુર્લભ સંયોગ રચાઈ રહ્યો છે. મહાશિવરાત્રીએ આવી સંયોગ ૧૦૧ વર્ષ પછી રચાયો છે. હિન્દુ ધર્મની માન્યતાઓ અનુસાર ભગવાન શિવ અને માતા પાર્વતીના વિવાહ આ દિવસે થયા હતા. ભોલેનાથના વિવાહમાં દેવી દેવતાઓ સહિત દાનવ, કિન્નર, ગંધર્વ, ભૂત,પિશાચ પણ સામેલ હતા. મહાશિવરાત્રી પર શિવલિંગને ગંગાજળ, દૂધ, ઘી, મધ અને સાકરનું મિશ્રણ કરી એટલેકે પંચામૃતથી સ્નાન કરાવો. ફાગણ માસની વદ ચૌદશે સંસારના કલ્યાણ હેતુ શિવલિંગનું પ્રાગટ્ય થયુ.

૧૧ માર્ચ સવારે ૯:૨૪ સુધી શિવ યોગ રહેશે. સિદ્ધિ યોગ લાગી જશે જે ૧૨ માર્ચ સવારે ૮:૨૯ સુધી રહેશે. શિવ યોગમાં કરેલા તમામ મંત્ર શુભદાયક ફળ આપશે. ત્યારબાદ ૯:૪૫ સુધી ઘનિષ્ઠા નક્ષત્ર રહેશે. વહેલી સવારે ઉઠીને સ્નાન કરો માટીના વાસણમાં પાણી અથવા દૂધ ભરો અને તેના ઉપર બિલ્વપત્ર ચડાવો. ધતુરાના ફૂલ ચડાવો. ત્યારબાદ શિવલિંગ પર અભિષેક કરો. જો તમે શિવ મંદિરમાં જઈ શકતા નથી તો તમે ઘરે માટીનું શિવલિંગ બનાવીને તેમની પૂજા કરી શકો છો. શિવ પુરાણ વાંચો અને મહામૃત્યુંજય મંત્ર અથવા શિવના પંચાક્ષર મંત્ર ? નમઃ શિવાયનો જાપ કરો.

# પીએમ મોદી આવતીકાલે અમદાવાદની મુલાકાતે : આઝાદી કા અમૃત મહોત્સવનો પ્રારંભ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આવતીકાલે એટલે કે શુક્રવારે અમદાવાદના ગાંધીઆશ્રમની મુલાકાતને લઈને તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. ગાંધીઆશ્રમ નજીક આવેલા અભય ઘાટ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સભાને સંબોધન કરશે. જ્યાં એરકંડીશનર ડોમ બનાવવામાં આવ્યો છે. ગાંધીઆશ્રમમાં સિક્યોરિટીને ધ્યાને રાખી ત્રણ ડોમ બનાવવામાં આવ્યા છે. આઝાદીની ૭૫મી વર્ષગાંઠની ઉજવણીનો પ્રારંભ પણ થશે સાથે સાથે, 'આઝાદી કા અમૃત મહોત્સવ'નો પ્રારંભ ૧૨ માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં થશે. તમામ તૈયારીઓને ધમધમાટ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે. સાથે જ બાપુના નિવાસ સ્થાન હૃદયકુંજ સહિત સમગ્ર આશ્રમમાં રંગરોગાણ પણ કરાયુ છે. સુરક્ષા અને વ્યવસ્થા અંગેનું નિરીક્ષણ કરવા માટે એસપીજીના ત્રણ અધિકારીઓ ગાંધીઆશ્રમની મુલાકાત પણ લીધી હતી.

આ કાર્યક્મ અંતર્ગત પ્રથમ કાર્યક્રમ ૨૧ દિવસની દાંડીયાત્રાનો પણ પીએમ મોદી ફ્લેગ ઓફ કરશે. હાલ ગાંધી આશ્રમના ડેવલપમેન્ટનો બેઝિક ડિઝાઈન પ્લાન પણ તૈયાર કરી દેવાયો છે અને જેને કેન્દ્ર સરકારમાં ફાઈનલ મંજૂરી માટે મોકલવામા આવ્યો છે. કેન્દ્ર સરકારની ફાઈનલ મંજૂરી બાદ કામગીરી શરૂ કરાશે.મહત્વનું છે કે ગાંધી આશ્રમના આર્કિટેકચર પ્લાન અને ડિઝાઈનિંગની જવાબદારી અમદાવાદના આર્કિટેક્ટ બિમલ પટેલને અપાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધી આશ્રમની મુલાકાતે આવવાના છે ત્યારે વડાપ્રધાન ગાંધી આશ્રમના ડેવલપમેન્ટ પ્રોજેક્ટ બાબતે પણ ચર્ચા કરશે.ગાંધી આશ્રમના સંપૂર્ણ નવિનિકરણ પ્રોજેક્ટ માટે એક હજારથી બારસો કરોડનો ખર્ચ અંદાજવામા આવ્યો છે. પીએમ મોદીની એક મહિનામાં બીજી મુલાકાત છે. આ પહેલા તેઓ કેવડિયા કોલોની ખાતે જોઈન્ટ કમાન્ડની બેઠકમાં હાજરી આપવા આવ્યા હતા, આ કાર્યક્રમમાં મંત્રીઓ અને ૮૧ ગાંધી અનુયાયીઓ પણ જોડાશે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા હાજર રહેશે. આ મુલાકાતને લઈને રાજ્ય સરકારે પણ તડામાર તૈયારીઓ કરી છે.

# સત્ કૈવલ કૉલેજ ઑફ ફાર્મસી,સારસામાં રમતોત્સવ ઉજવાયો



ચક્રવાત ટીમ, તા.૧૦

અવિચલદાસજી મહારાજશ્રી (ગુરુજી) પ્રેરિત સત્ કૈવલ કૉલેજ ઑફ ફાર્મસી,સારસામાં તાજેતરમાં તારીખ ૮,૯ માર્ચના રોજ રમતોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ક્રિકેટ, બેડમિન્ટન, ખો-ખો, ચેસ, કબડ્ડી, ૧૦૦ મીટર દોડ, ટેબલ ટેનિસ જેવી વિવિધ રમતોનું આયોજન ફીટ ઈન્ડિયા મુવમેન્ટના અંતર્ગત કરવામાં આવ્યું હતું. જેમાં ગણા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ઉત્સાહ અને સ્ફૂર્તિથી ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીનીઓમાં ક્રિકેટમાં - ૮ સેમેસ્ટર, બેડમિન્ટનમાં – હેત્વી પટેલ, ચેસમાં – કાંચી પટેલ, ખો ખોમાં – ૮ સેમેસ્ટર, ૧૦૦ મીટર દોડમાં – પાયલ રાઠવા, ટેબલ ટેનિસમાં – સ્વેતા પટેલે પ્રથમ સ્થાન મેળવ્યું.

જેમાં વિદ્યાર્થીઓમાં ક્રિકેટમાં – ૮ સેમેસ્ટર, બેડમિન્ટનમાં – રીશી પટેલ, કબ્બડીમાં – ૧ સેમેસ્ટર, ચેસમાં – વેદાંત પટેલ, ૧૦૦ મીટર દોડમાં – દેવ પટેલ, ટેબલ ટેનિસમાં – દેવ પટેલે પ્રથમ સ્થાન મેળવ્યું. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે વિદ્યાર્થીનીઓને કોલેજના મહિલા સ્ટાફ પ્રો. શ્રેયા શાહ, પ્રો. હેમાક્ષી પરમાર, પ્રો. જાનકી પટેલ, પ્રો. નેહાનાઝ શૈયદ તથા પ્રો. ભક્તિ શાહએ પ્રોત્સાહિત કર્યા. તથા પ્રો. દેવર્ષ પટેલ અને પ્રો. પ્રિતેશ પટેલે પણ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજ ના આચાર્ય શ્રી. ડો. ભગીરથ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# રાજકોટ મારવાડી યુનિ.માં કોરોના કેસ આવતા ઓનલાઈન શિક્ષણ કરવાની એનએસયુઆઈની માંગ



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૦

મારવાડી યુનિ. મા બે વિદ્યાર્થીઓ કોરાનાથી સંક્રમિત થયા હોવાની આરોગ્ય વિભાગે માહીતી આપી છે. દ્વજૈંના જીલ્લા પ્રમુખ રોહિતસિંહ રાજપુતનુ કહેવુ છે કે યુનિ.ના વિદ્યાર્થીઓની ફરીયાદો મળી છે કે મારવાડી યુનિવર્સિટીમા ૫૦થી વધુ વિદ્યાર્થીઓ,સ્ટાફ કોરાના પોઝીટીવ આવ્યા છે.પંરતુ મેનેજમેન્ટ આંકડા છુપાવીને વિદ્યાર્થીઓ સ્વાસ્થ્ય જોખમમા મુકી રહ્યા છે.આજે યુનિ. મા સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૬ ની ઓનલાઈન પરીક્ષાઓ પણ હતી તેમજ હોસ્ટેલની મેસમા પણ ખુબ વધુ ટ્રાફીક હતો. જે જે વિદ્યાર્થીઓ કોરાનાથી સંક્રમિત થયા તેમની સારવારનો ખર્ચ યુનિ. મેનેજમેન્ટ આપવો જોઈએ. હજુ યુનિ. દ્વારા ઓનલાઈન પરીક્ષાઓ તેમજ શૈક્ષણિકકાર્ય યથાવત રાખ્યુ હોવાથી તે તાત્કાલિક અસરથી ઓનલાઈન કરવામા આવે તેમજ તમામ વિદ્યાર્થીઓનુ સ્ક્રીનીંગ કરી, હોસ્ટેલ હાલ પુરતી બંધ કરવાની NSUIએ માંગ કરી છે.

# વેરાવળ ભોય સમાજના આગેવાનો નામદાર કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર

ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૦

વેરાવળની ભોય જ્ઞાતિના સભ્ય સુનિલ શાન્તીલાલ વાઘેલાએ સને ૨૦૧૬ મા ભોય સમાજના આગેવાનો તુલસીભાઈ અમૃતલાલ ડોલરીયા, જીતેન્દ્ર કાનજીભાઈ ડોલરીયા,પ્રદિપભાઈ દિનેશભાઈ વાઘેલા તથા જયેશભાઈ મણીલાલ ગોહેલ વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબ વેરાવળ પોલીસ સ્ટેશનમા ફોજદારી ફરીયાદ નોંધાવી હતી

ફરીયાદી એ ભોય સમાજની વંડીમા ત્રાહેતના કહેવાથી તાળુ મારી દીધેલ હોય અને પોતે સમાજમા કોઈ હોદો ધરાવતા પણ ન હોય આરોપીઓએ ફરીયાદીને તે સમાજની વંડીમા તાળુ શુ કામ માર્યુ તેમ કહી માર મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરીયાદ કરી હતી જેમા તપાસ કરનાર પોલીસ અધીકારી દ્નારા ચાર્જસીટ રજુ કરવામા આવેલ.

ત્યારબાદ આ કેસ વેરાવળના ચીફ જયુડીશ્યલ મેજી. શ્રી સંચાણીયા સાહેબની કોર્ટમા ચાલી જતા આરોપીના એડવોકેટ ઉમેશ પટેલ ની લંબાણપુર્વક ની દલીલને તથા રેકડ પરની હકિકતોને ધ્યાને લઈને નામદાર કોર્ટ એ તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

# ઉપલેટા તાલુકા પંચાયતની ખારચિયા બેઠકના અપક્ષ સદસ્ય કેસરિયો ધારણ કરી ભાજપમાં જોડાયા



ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૧૦

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ચૂક્યા છે ત્યારે ઉપલેટા તાલુકા પંચાયતની ૧૮ બેઠકોમાંથી ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષના ૮-૮ ઉમેદવારોને તાલુકા પંચાયતની બેઠકો પર જીત મળી છે તો બીજી તરફ ઉપલેટા તાલુકા પંચાયતની બે બેઠકો પર અપક્ષના ઉમેદવારોની જીત થઈ હતી. આ પરિણામ બાદ ભાજપ કોંગ્રેસને સમાન બેઠકો મળતા રાજકીય ચર્ચાએ ખૂબ જ જોર પકડ્યું હતું અને અપક્ષ સદસ્ય કિંગ મેકર બનશે તેવી પણ ચર્ચાઓએ સમગ્ર વિસ્તારમાં ખુબ જોર પકડ્યું હતું ત્યારે ઉપલેટા તાલુકા પંચાયતની ખારચિયા બેઠકના અપક્ષના ઉમેદવાર પ્રવિણાબેન પિયુષભાઈ હુંબલ ભાજપમાં જોડાતા ઉપલેટા પંથકમાં રાજકારણ ગરમાયું છે. ઉપલેટા તાલુકા પંચાયતની ખારચીયા બેઠકના અપક્ષના સદસ્યએ રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ મનસુખ ખાચરિયાના વરદ હસ્તે ભાજપનો કેસરીયો ધારણ કરી ભાજપમાં જોડાયા છે જેથી હાલ ઉપલેટા તાલુકા પંચાયતની ૧૮ બેઠકોમાં ભાજપને મળેલ આઠ બેઠકોમાં વધુ એક અપક્ષના સદસ્ય ભાજપમાં જોડાતા ભાજપમાં ભાજપ પાસે હાલ નવ સદસ્યો થઈ ચુક્યા છે.

# રાધાસ્વામી એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટમાં મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૧૦

તા ૮ માર્ચને વિશ્વ મહિલા દિવસના રોજ રાધાસ્વામી એજ્યુકેશ ઈન્સ્ટિટ્યૂટ / CSC academy લુણાવાડા દ્વારા મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં મહીસાગર જીલા રોજગાર કચેરીના કાઉન્સેલર બહેન શ્રી પ્રિયંકા બહેન, સોનેલા ITI ના આચાર્ય, તથા CSC હેડ મહીસાગર જીલ્લાના ફેસલ સર તેમજ સંસ્થાના પ્રહલાદ સર તથા સ્ટાફ મિત્રો હાજર રહીને સંસ્થામાં અભ્યાસ કરતી દરેક વિધાર્થીઓ બહેનોને મહિલા દિવસે પોતાના પગ પર ઊભા રહેવાની, હાલના સમયમાં મહિલાઓ માટે અવનવી સરકારી યોજનાઓ વિશે તેમજ સમાજમાં નીડરતાથી રહેવાની સાચી દિશા વિશે ચર્ચા કરી દરેક બહેનોને સત્કાર, સન્માન અને સમર્થન સાથે મહિલાઓના ઉત્સાહને વધારીએ અને વિવિધ ક્ષેત્રોમાં કામ કરવા પ્રેરણા આપી સદાય સહકાર આપીએ તેવા આગ્રહ સાથે મહિલા દિવસની શુભકામનાઓ.સાથે દરેક વિદ્યાર્થિની બહેનોને csc academy અને તેમનું સન્માન કરવામાં આવ્યું.

# બાબરા તાલુકામાં કોવિડ ૧૯ રસીકરણ કેમ્પ યોજાયો



ચક્રવાત ટીમ બાબરા, તા.૧૦

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જયેશપટેલ તથા જિલ્લા આર સી એસ અધિકારી ડો. આર.કે જાટ તથા જીલ્લાસર્વેલન્સ અધિકારી ડૉ. આ-એ. કે.સિંગના સીધા માર્ગદર્શન અનુસાર તેમજ તાલુકા આરોગ્ય અધિકારી ડો. અક્ષય ટાંકની સુચના અનુસાર તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચમારડીના મેડિકલ ઓફિસર ડો. વિરાટ જે.અગ્રાવત, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોટડાપીઠાના મેડિકલ ઓફિસર ડો બી.આર.અગ્રાવત, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટાદેવળીયાના મેડિકલ ઓફિસર ડો.આર.જી.મીના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખંભાળાના મેડિકલ ઓફિસર ડો. બી.જે. તાગડીયા, તેમજ બાબરા અર્બન હેલ્થ સેન્ટર નામેડિકલ ઓફિસર ડો. પરાગ બુંધેલીયાની રાહબરી તળે ૬૦ વર્ષથી મોટી ઉમરના તમામ વડીલો ને કોવિડ- ૧૯નુ રસીકરણ હાથ ધરવામા આવેલ જેમા બાબરા તાલુકાના તમામ કેન્દ્ર દ્વારા ૧૯૬નુ રસીકરણ કરવામા આવેલ જેથી બાબરા તાલુકાની તમામ જનતા ને જણાવવાનુ કે ૬૦ વર્ષથી વધુ વયના કોઈ પણ વડીલ રસીકરણથી વંસીતના રહે તેનુ આરોગ્ય ખાતુ કાળજી લેશે જેમા સહકાર આપવા અપીલ કરવામા આવે છે. રસીકરણ કયારે અને કઈ જગ્યાએ જવાનુ તેમની આરોગ્ય કર્મચારી તેમજ આશા દ્વારા જાણ કરવામા આવેછે. જેની બાબરા તાલુકાની જનતા નોંધ લેઈ આ કાર્યક્રમને સફળ બનાવવા તાલુકાના તમામ આરોગ્ય કર્મચારી, આશા બહેનો તેમજ સુપરવાઈઝરો જહેમત ઉઠાવી રહ્યા છે. તાલુકા હેલ્થ કચેરી બાબરાના તાલુકા હેલ્થ સુપરવાઈઝર રાજેશભાઈ સલખનાની યાદી જણાવે છે.

# બુલેટ ટ્રેનની જમીન અંગે લોકસભામાં સાંસદ મનોજ કોટકના સવાલ

ચક્રવાત ટીમ મુંબઈ તા ૧૦

આજે લોકસભામાં મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાના શિવસેનાના સાંસદ પ્રતાપરાવ જાધવે મુંબઈથી નાગપુર વચ્ચે બુલેટ ટ્રેન સંદર્ભે અને તેની વર્તમાન સ્થિતિ વિશે પ્રશ્ન પૂછ્યો હતો.

શિવસેના સાંસદના મુંબઈ - નાગપુર હાઈસ્પીડ ટ્રેન ચલાવવાના વિષયે પૂછાયેલા પ્રશ્ન બાબતે ભાજપના સાંસદ મનોજ કોટકે લોકસભામાં કહ્યું હતું કે "શિવસેનાના સાંસદે બુલેટ ટ્રેન બાબતે તેમના પક્ષની ભૂમિકા ગૃહમાં રાખી તે બદલ અભિનંદન આપું છું. તે બહાને ખબર તો પડી કે બુલેટ ટેન દેશ માટે જરૂરી છે." સાથે સાથે મનોજ કોટકે બીકેસીમાં જ્યાં બુલેટ ટ્રેન સ્ટેશન બનવાનું છે, ત્યાંની જમીન ટ્રાન્સફર થઈ છે કે નહીં, આ મુદ્દે લોકસભામાં સવાલ પૂછ્યો હતો અને રેલવેમંત્રી પાસેથી તેનો જવાબ માંગ્યો હતો.

આ સંદર્ભમાં કેન્દ્રીય રેલવેમંત્રી પિયુષ ગોયલે મહારાષ્ટ્ર સરકાર પર નિશાન સાધતા કહ્યું હતું કે, "ઘણા પ્રયત્નો કરવા છતાં, બીકેસીની જમીન જ્યાંથી હાઈ સ્પીડ ટ્રેન શરૂ કરવા સ્ટેશન બનાવવું છે તે જમીન કેન્દ્ર સરકાર અને રેલવેને નથી મળી. જો જમીન જ નહીં મળે તો કામ કેવી રીતે શરૂ થશે? મહારાષ્ટ્રની મહા વિકાસ આઘાડી સરકાર આમાં અડચણો ઉભી કરી રહી છે. આ પ્રોજેક્ટ માટે ગુજરાતમાં ૯૫ ટકા જમીનનું સંપાદન થઈ ચૂક્યું છે, જ્યારે મહારાષ્ટ્રમાં અત્યાર સુધી ફક્ત ૨૪ ટકા જ જમીન સંપાદન થઈ છે.

સાથે સાથે રેલવેમંત્રી પિયુષ ગોયલે શિવસેનાના બુલઢાણાના સાંસદ પ્રતાપરાવ જાધવના પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, "મુંબઈથી અમદાવાદ હોય કે નાગપુર બધી જગ્યાએ બુલેટ ટ્રેનનો વિસ્તાર કરવો એ આપણી સામૂહિક જવાબદારી છે. રાજ્ય સરકારની જો ઈચ્છા હોય કે વિસ્તાર થાય તો સહયોગ કરે. હાઈ સ્પીડ રેલવેનું કાર્ય મહારાષ્ટ્રમાં આગળ નથી વધી રહ્યું, ગુજરાતમાં આ કાર્ય પ્રગતિ પર છે અને તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. શિવસેનાના સભ્ય ચાહે છે કે મુંબઈથી નાગપુર વચ્ચે હાઈ-સ્પીડ ટ્રેન દોડે તો આ વિશે મારાથી વધુ કોણ ઈચ્છશે? વડાપ્રધાનનું સપનું છે કે દેશમાં હાઈ-સ્પીડ, સેમી હાઈ-સ્પીડ ટ્રેનો દોડે પરંતુ મહારાષ્ટ્ર સરકાર તેમાં અડચણો ઉભી કરે છે. આવી પરિસ્થિતિમાં મુંબઈથી નાગપુર હાઈસ્પીડ ટ્રેન કેવી દોડશે?

# હોમ મિનિસ્ટર અનિલ દેશમુખ વિરુદ્ધ હક્કભંગ પ્રસ્તાવ લાવ્યા ફડણવીસ

## અશોક ચવ્હાણ વિરુદ્ધ પણ ફડણવીસનો આક્રોશ

ચક્રવાત ટીમ મુંબઈ તા ૧૦

વિધાનસભા અને વિધનપરિષદમાં બીજેપી અને શાસકપક્ષ મનસુખ હત્યા. અન્વય નાઈક મૃત્યુ તેમ જ દાદરાનગર હવેલીના સાંસદ મોહન દેલકાર આત્મહત્યા મુદ્દે આજે સતત બીજા દિવસે આક્ષેપ પ્રતિઆક્ષેપ કરતા જોવા મળ્યા હતા. જો કે આજે ભૂતપૂર્વ સીએમ અને વિપક્ષી બીજેપી નેતા ફડણવીસે હોમ મિનિસ્ટર અનિલ દેશમુખ વિરુદ્ધ હક્કભંગનો પ્રસ્તાવ લાવ્યા હતા. એટલુજ નહિ મિનિસ્ટર અશોક ચવ્હાણ વિરુદ્ધ પણ તેઓ પ્રસ્તાવ લાવ્યા હતા. જેને લઈ શાસક પક્ષ મુશ્કેલીમાં બચવપક્ષ બની ગયો હતો. ગઈકાલે વિધાનસભામાં હોમ મિનિસ્ટર અનિલ દેશમુખ દ્વારા ફડણવીસ જ્યારે મુખ્યપ્રધાન હતા ત્યારે તેમને અન્વય નાઈક આત્મહત્યા પ્રકરણ દબાવી દેવાનો આક્ષેપ કરી તેમની તપાસ થઈ શકે તેમ જણાવ્યું હતું. આક્ષેપને કારણે ફડણવીસ ઉકળી ઉઠ્યા હતા અને ઊભા થઈ છાતી ઠોકી પોતાની તપાસ કરવાનો દેશમુખને પડકાર ફેક્યો હતો. આજે આજ મુદ્દે તેમણે હોમ મિનિસ્ટર વિરુદ્ધ જૂઠું બોલતા હોવાનું જણાવી હક્કભંગનો પ્રસ્તાવ લાવ્યા હતા જેનો અધ્યક્ષ દ્વારા અભ્યાસ કરી નિર્ણય લેવાશેની જાહેરાત કરાઈ હતી. આ ઉપરાંત મરાઠા આરક્ષણ મુદ્દે મિનિસ્ટર અશોક ચવ્હાણે પણ અભ્યાસ કર્યા વિના નિવેદન આપ્યું હોવાનું ફડણવીસે જણાવ્યું હતું. સચિન વાજેની બદલી નહીં સસ્પેન્ડ કરી તેમની અટક કરો અન્યથા સભાનું કામકાજ ચાલવા નહીં દઈએ તેવી ઘોષણા બીજેપીના સભ્ય પ્રવીણ દરેકરે કરી હતી.

# સચિન વાઝેને ક્રાઈમ બ્રાંચમાથી હટાવ્યા ઠાકરે સરકાર ફરીથી બેકફૂટ પર

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૦

મનસુખ હિરેન કેસમાં વિપક્ષ ગૃહમાં થયેલા તોફાનો બાદ રાજ્ય સરકારે ક્રાઈમ બ્રાન્ચ શાખામાંથી સચિન વાઝેને હટાવવાનો નિર્ણય લીધો છે. રાજ્યના ગૃહમંત્રી અનિલ દેશમુખે બુધવારે વિધાન પરિષદમાં આ જાહેરાત કરી હતી. અનિલ દેશમુખે કહ્યું કે, "વિરોધી માંગણી મુજબ અમે સચિન વાઝેને મનસુખ હિરેન કેસમાંથી અને ક્રાઈમ બ્રાંચમાંથી હટાવવાનો નિર્ણય લીધો છે.

મનસુખ હિરેન કેસમાં તેમની પત્ની વિમલ હિરેન દ્વારા આપવામાં આવેલા જવાબ મુજબ તપાસ ચાલી રહી છે. જો વિરોધી પાસે કેટલાક પુરાવા, સીડી અથવા સીડીઆર હોય, તો તેણે તે એટીએસને આપવું જોઈએ. એટીએસ આ સંદર્ભમાં કોઈનું સમર્થન નહીં કરે. અનિલ દેશમુખે ખાતરી આપી હતી કે તેમને સચિન વાઝે અથવા બીજા કોઈ પણ હશે તેને સમર્થન નહીં મળે. જોકે, અનિલ દેશમુખની ઘોષણા બાદ ભાજપના ધારાસભ્ય પ્રવિણ દરેકર અને ભાજપના ધારાસભ્યોએ ગૃહમાં ઘોંઘાટ શરૂ કરી દીધો હતો.. સચિન વાઝેની બદલીથી અમે સંતુષ્ટ નથી. તેમની તાત્કાલિક અટક થવી જોઈએ. અન્યથા, અમે ગૃહની કાર્યવાહી ફરી શરૂ કરીશું નહીં, એવી ચેતવણી વિપક્ષી નેતા પ્રવિણ દરેકરે આપી છે.

વિધાનસભામાં મનસુખ હિરેનની મોતનો મામલો ખુલી રહ્યો છે. ગઈકાલે હિરેનની પત્ની વિમલાની ફરિયાદ વિપક્ષી નેતા દેવેન્દ્ર ફડણવીસે સભામા વાંચી સંભળાવી હતી. વિમલા હિરેનની શંકા મુજબ મનસુખ હિરેનનુ એન્કાઉન્ટર નિષ્ણાત સચિન વાઝે દ્વારા મારવામા આવ્યુ હતુ. આથી તાત્કાલિક વાઝેની અટક કરો, તેવી માંગ દેવેન્દ્ર ફડણવીસએ કરી છે. મારા પતિની વાઝે દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી. મનસુખ હિરેન ત્રણ દિવસથી વાઝેના સંપર્કમા હતો. ઉપરાંત, હિરેનની કાર વઝે પાસે ચાર મહિના હતી, એમ હિરેનની પત્નીએ જણાવ્યું હતું. તો કેમ કલમ ૨૦૧ હેઠળ વાઝેની અટક કરવામાં આવી નથી? વાઝેને કોણ બચાવી રહ્યું છે? ફડણવીસે દાવો કર્યો કે અમને શંકા છે કે આવા સવાલ પૂછતી વખતે કારમાં હીરેનની હત્યા થઈ હતી.

# મહાબળેશ્વરમાં લંપટ પ્રિન્સીપાલનો શાળાની વિદ્યાર્થિની પર બળાત્કાર

ચક્રવાત ટીમ,મુંબઈ તા.૧૦

જ્યારે એક શાળાના પ્રિન્સીપાલે સ્કૂલની એક વિદ્યાર્થીની પર બળાત્કાર ગુજાર્યો ત્યારે ચોંકાવનારી ઘટના બની છે. આ ઘટના સાતારાના મહાબળેશ્વર ખાતે બની હતી. આ કેસમાં નરાધમ પ્રિન્સીપાલની ધરપકડ કરવામાં આવી છે. પરંતુ આ ઘટનાને પગલે વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મહાબળેશ્વરમાં માખરીયા નામની એક હાઈ સ્કૂલ આવેલી છે. આ હાઈસ્કૂલમાં એક શાળાના પ્રિન્સીપાલે સગીર બાળકી પર બળાત્કાર ગુજાર્યો છે. આરોપીનું નામ દિલીપ ઢેબે છે. આરોપી દિલીપ ઢેબે આ શાળાનો પ્રિન્સીપાલ છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે નરાધમે શાળા બંધ હોવાનો લાભ લીધો હતો અને શાળામા વિધ્યાર્થીની પર બળાત્કાર ગુજાર્યો હતો. તેનાથી મહાબળેશ્વર વિસ્તારમાં હંગામો મચી ગયો છે. આ બનાવ બાદ મહાબળેશ્વર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. ત્યારબાદ આરોપી નરાધમ પ્રિન્સીપાલની અટક કરવામાં આવી છે.

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી મહિલાઓ પર બળાત્કાર અને અત્યાચાર વધી રહ્યા છે. દરમિયાન, રાજ્યમાં સત્તા પરિવર્તન પહેલા ફડણવીસ સરકાર દરમિયાન વર્ષ ૨૦૧૮માં મહિલાઓ પર અત્યાચારના ૩૫,૫૦૧ કેસ નોંધાયા છે. ૨૦૧૯માં, ૩૭,૧૧૨ ગુના નોંધાયા હતા. જો કે, મહાવિકાસ આઘાડી સરકારની શરૂઆતથી, વર્ષ ૨૦૨૦માં મહિલાઓ પરના અત્યાચારની સંખ્યા ૧૦,૦૦૦ થી નીચે આવી ગઈ છે. મહિલાઓ પર અત્યાચારના ૨૫,૫૮૬ કેસ નોંધાયા છે.

# બોરીવલીમાં ૨ કરોડ ૮૦ લાખના ચરસ સાથે નેપાળીની અટક



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૦

મુંબઈ ક્રાઈમ બ્રાંચના એન્ટી નાર્કોટિક્સ સેલ (એએનસી) એ સોમવારે એક ૨૩ વર્ષીય નેપાળી નાગરિકની ધરપકડ કરી છે, જેમાં સોમવારે રૂ. ૨.૮ કરોડના ચરસ તેની પાસેથી મળી આવ્યુ હતુ.. આરોપીની ઓળખ પ્રભેજ મહમજન અન્સારી તરીકે છે જે મૂળ નેપાળના બારા જિલ્લાના વતની છે.

પોલીસના જણાવ્યા મુજબ, એએનસીના કાંદિવલી યુનિટને જાણકારી મળી હતી કે નેપાળી ગેંગનો એક સભ્ય સોમવારે બોરીવલીમાં ડ્રગ્સનો જંગી જથ્થો લઈને આવશે. આ અંગેની જાણકારીં મળતા એએનસીની ટીમે બોરીવલી ખાતેના સંજય ગાંધી નેશનલ પાર્ક ખાતે છટકું ગોઠવ્યું હતું અને શંકાના આધારે એક વ્યક્તિની ધરપકડ કરી હતી. તેની શોધ દરમિયાન ૧૪ કિલો ચરસનો જથ્થો મળી આવ્યો હતો, જપ્તી બાદ નાર્કોટિક ડ્રગ્સ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (એનડીપીએસ) એક્ટના સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. અન્સારીને કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા તેને પોલીસ કસ્ટડી સોપી છે., એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસ હવે આ મામલાની તપાસ કરી રહી છે અને તે પ્રતિબંધિત પદાર્થ ક્યાંથી મેળવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે તપાસ રહી છે. પોલીસ ગેંગના અન્ય સભ્યોની પણ શોધ કરી રહી છે.

# પુણેમાં ખોદકામ કરતા મળી આવેલા સોનાના સિક્કા વેચનાર બે મજૂરની અટક



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૦

પોલીસે પિંપરી-ચિંચવાડના ચીખલીથી બે મજૂરોની ધરપકડ કરી છે અને તેમની પાસેથી ૨૧૬ પ્રાચીન સોનાના સિક્કા કબજે કર્યા છે. આ સિક્કા મોગલ કાળ અને ઔરંગઝેબના શાસનકાળના છે. આ સિક્કાનું વજન ૨૩૫૭ ગ્રામ છે અને દરેક સિક્કાની બજાર કિંમત આજે પણ ૭૦,૦૦૦ રૂપિયા હોવાનું કહેવાય છે.

પિમ્પરી-ચિંચવાડ પોલીસ કમિશનર ક્રિષ્ના પ્રકાશના જણાવ્યા અનુસાર, વિઠ્ઠલ નગર ઝૂંપડપટ્ટીના પઠાણ બજારમાં સોનાના સિક્કા વેચવાનો પ્રયાસ કરી રહ્યો હોવાની જાણકારી મળતા પોલીસ અધિકારી જમીર તંબોલીએ સદામ ખાને તેનો પીછો કર્યો હતો અને કેટલાક સિક્કા કબજે કર્યા હતા. સદામે તેના સસરા મુબારક અને તેના સાળા ઈરફાન શેખને જણાવ્યું કે બાંધકામ સ્થળે ખોદકામ કરતી વખતે તેઓને સોનાના સિક્કા મળી આવ્યા હતા અને સદામને વેચવા આપ્યા હતા.

આ સિક્કા ૧૭૨૦ થી ૧૭૫૦ની વચ્ચે ટંકશાળ પાડવામાં આવ્યા હતા અને તે સમયે તે જયપુરમાં ટંકશાળ પાડવામાં આવ્યા હતા. તેમાં ઉર્દૂ અને અરબીમાં લખાણ છે અને આ સિક્કા પ્રાચીન હોવાથી કિંમતી છે. આ સિક્કો પુરાતત્ત્વીય વિભાગને સોંપવામાં આવ્યો હોવાનું કહેવાય છે, જે સ્થળે તે મળી આવી હતી ત્યાં શોધખોળ હાથ ધરી છે.

પુરાતત્ત્વ વિભાગના પ્રારંભિક આકારણી મુજબ, આ મોગલ-યુગના સમયકાળ દરમિયાનના સિક્કા છે જે ૧૭૨૦ થી ૧૭૪૮ ની વચ્ચેની છે અને સમ્રાટ મહંમદ શાહ રંગીલા દ્વારા જારી કરવામાં આવી હતી. શાહે ૧૭૧૯ થી ૧૭૪૮ સુધી શાસન કર્યું.

## થાણેમાં ૧૨ કિલો ગાંજા સાથે બેની ધરપકડ



તેલંગાણા રાજ્યમાંથી થાણેમાં ગાંજો વેચવા આવેલા બે આરોપીની થાણે ક્રાઈમ બ્રાન્ચ યુનિટ એક દ્વારા ધરપકડ કરી ૧૨ કિલો અમલી પદાર્થ જપ્ત કર્યો હતો.

# વિરારમા મામુલી ઝઘડાએ મહિલાએ પતિની હત્યા કરી

ચક્રવાત ટીમ, મુંબઈ .તા. ૯

એક ચોંકાવનારી ઘટનામાં, ૨૯ વર્ષની મહિલાએ રવિવારે વહેલી સવારના સમયે વિરારમાં તેમના એપાર્ટમેન્ટમાં એક મામુલી ઘરેલું ઝઘડા પર તેના પતિની હત્યા કરી હોવાના આક્ષેપ કર્યા છે. જે મહિલાની ઓળખ નેહા લોકેશ પવાર (૨૯) તરીકે થઈ છે નેહાની હત્યાના કેસમા અટક કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર વિરારના ચંદનસર વિસ્તારમાં આવેલી પારસ હોસ્પિટલ નજીક જીવદાની એપાર્ટમેન્ટના ચોથા માળેના ફ્લેટમાંથી આ ઘાતકી હત્યાની ઘટના સામે આવી છે. પતિ લોકેશ જગદીશ પવાર (૩૦) મોડી રાત્રે મોડીરાત્રે ઘરે આવ્યા બાદ પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતા તેની હત્યા કરવામા આવી હતી. તેઓના પરિવારમા કં દશ વર્ષનો પુત્ર પણ છે.જે દાદા દાદી સાથે રહે છે.એક દસ વર્ષ કરતા પણ ઓછા સમય પહેલા નાલાસોપારાથી વિરાર સ્થળાંતર કરનાર દંપતી નાના ઘરેલું મુદ્દાઓ અંગે અવારનવાર ઝઘડા થતા હતા. . પ્રાથમિક તપાસમા પત્નીએ તેના પતિને કોઈ તીક્ષ્ણ વસ્તુથી છરી મારી હોવાની શક્યતા છે.વિરાર પોલિસે હત્યાનો ગુનો નોંધી મહિલાની અટક કરી છે.

# પૂના સ્માર્ટ સિટી પ્રોજેક્ટના ૨૭ સર્વરો પર સાયબર એટેક

## હેકરો પાસેથી બિટકોઇનની માંગ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૦

ચોંકાવનારી માહિતી બહાર આવી છે કે, પિંપરી-ચિંચવાડમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટના ૨૭ સર્વરો પર હુમલો થયો છે. રિન્સમવેર વડે હુમલો કરાયો હોવાનું બહાર આવ્યું છે. ડેટાને એન્ક્રિપ્ટ કરી દેવામાં આવ્યો છે અને અજાણ્યા હેકર પાસેથી બિટકોઈનની માંગ કરવામાં આવી હોવાની જાણ પોલીસે આપી છે..

સાયબર પોલીસે શંકા વ્યક્ત કરી છે કે સ્માર્ટ સિટી પ્રોજેક્ટના સર્વરો પર સાયબર એટેકમાં વિદેશી હેકરનો હાથ હતો. પોલીસે એમ પણ કહ્યું હતું કે આ હુમલો રેકી દ્વારા કરવામાં આવ્યો હતો. સ્માર્ટ સિટી પ્રોજેક્ટ તાજેતરમાં શહેરના નિગડી વિસ્તારના અસ્તિત્વા હોલમાં શરૂ કરાયો હતો. અધિકારીઓએ પૂર્ણ કામગીરી શરૂ કરી ન હતી. સોફ્ટવેર લોંચ થયા પહેલા પણ, ચોંકાવનારી માહિતી મળી છે કે સ્માર્ટ સિટી પ્રોજેક્ટના ૨૭ સર્વરોમાંથી ડેટા એન્ક્રિપ્ટ કરવામાં આવ્યો છે. અધિકારીઓએ દાવો કર્યો છે કે સાયબર એટેકની માહિતી ચોરીને કારણે ૫ કરોડ રૂપિયાનું નુકશાન થયાનો દાવો અધિકારી દ્વારા કરવામા આવ્યો છે.સાયબર પોલીસે જણાવ્યું કે ચોરી કરેલો ડેટા ફરીથી મળી શકે છે. હેકરે આ ડેટાને એન્ક્રિપ્ટ કર્યો છે અને તે ફરીથી ડીક્રિપ્ટ કરી શકાય છે. તેથી તેઓ બિટકોઈનના રૂપમાં ખંડણીની માંગ કરી રહ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું. છે. સાયબર વિભાગ મુજબ ટેક મહિન્દ્રાના પ્રોગ્રામ મેનેજર મહેન્દ્ર લાઠી દ્વારા ફરિયાદ નોંધાયા બાદ અજાણ્યા શખ્સો સામે કેસ નોંધવામાં આવ્યો છે.

પોલીસને મળેલી ફરિયાદ મુજબ, આ ઘટના ૨૬ ફેબ્રુઆરીએ બની હતી અને આ મામલો મંગળવારે જાણ કરવામાં આવ્યો હતો. ત્યારે આ ઘટના પ્રકાશમાં આવી હતી. જો કે, ફરિયાદ કેમ મોડી થઈ તે અંગે પ્રશ્નો ઉભા થયા છે. ફરિયાદમાં જણાવાયું છે કે આ બધાના કારણે પાંચ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

# ભાયંદરના વરિષ્ઠ નગરસેવકને માર મારનાર ચાર સગીર વયના છોકરાઓ તાબામા

ચક્રવાત ટીમ, મુંબઈ તા, ૯

ભાયન્દર પૂર્વના ભાજપના વરિષ્ઠ નગરસેવક રોહિદાસ પાટીલને મર મારનાર ચાર સગીર વયના છોકરાઓને નવઘર પોલિસે તાબામા લીધા છે,તે છોકરાઓની ઉંમર ૧૩-૧૪ વર્ષના હોવાનું અને તેઓને ભરસ્પીડમા બાઈક લઈ જતા રોહિદાસ પાટીલે ટોકતા તેમને માર મારવામા આવ્યો હતો.

ભાયંદર પૂર્વના જેસલપાર્ક ખાડીકિનારા પર આવેલ એક બંગલામા રહેતા રોહિદાસ પાટીલ શનિવારે રાત્રે બહાર બેઠા હતા,ત્યારે ભરસ્પીડમા રફ રીતે ચલાવતા બાઈક પર જતા ચાર છોકરાઓને આ પ્રમાણે વાહન ન ચલાવવા કહ્યુ હતુ.જેને લઈને થયેલ બોલાચાલીએ તે ચારેય છોકરાઓએ રોહિદાસ પાટીલને નાક પર માર્યો હતો..પાટીલે તે ચારેય છોકરાઓ વિરુધ્ધ નવઘર પોલિસમા ફરિયાદ કરતા ગુનો નોંધવામા આવ્યો હતો.પોલિસે સીસીટીવી ફૂટેજને આધારે તે ચારેય સગીર વયના છોકરાઓને તાબામા લઈ બાળસુધારગૃહમા મોકલી આપ્યા છે.

# નર્સને પ્રેમની જાળમાં ફસાવી ૪૦ લાખની છેતરપિંડી

## ઓનલાઈન લગ્ન મેચિંગ વેબસાઇટ પર થયેલ ઓળખાણે ભારે થઈ

ચક્રવાત ટીમ, મુંબઈ.તા. ૧૦

સાયનની એક હોસ્પિટલમાં એક નર્સ પ્રેમના જાળમાં ફસાઈ ગઈ હતી અને એક ઠગ દ્વારા ૪૦ લાખની છેતરપિંડી કરી હતી. ત્યારબાદ નર્સે એન્ટોપ હિલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે નાગપુરનો યુવક નર્સના ઘરે આવ્યો હતો અને લગ્ન મેચિંગ વેબસાઈટ પર ઓળખાણ થયા પછી તેના માતાપિતાને મળ્યો હતો.

સાયન કોલીવાડા વિસ્તારમાં રહેતો રૂપલ (નામ બદલ્યું છે) લગ્ન મેચિંગ વેબસાઈટ પર નોંધાયેલ હતુ.. તેની પ્રોફાઈલ જોયા પછી, નાગપુરના એક યુવકે તેને વિનંતી મોકલી. રૂપલે વિનંતી સ્વીકારતાંની સાથે જ બંનેએ એકબીજા સાથે મોબાઈલ પર વાત શરૂ કરી. તેણે કહ્યું કે તે નાગપુરની એક મોટી કંપનીમાં નોકરી કરતો હતો અને તે તેના પરિવાર સાથે મળી શકતો ન હોવાથી સ્વતંત્ર રીતે જીવી રહ્યો હતો. રૂપલે તેના પર વિશ્વાસ કર્યો અને તેણે કહ્યું તે બધું માન્યું.

તેણે રૂપાલ પાસે પૈસાની માંગ કરતા કહ્યું કે તેને પેશાબની તકલીફ છે અને સારવાર માટે પૈસાની જરૂર છે. શરૂઆતમાં રૂ. ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ ની માંગણી કરતાં રૂપલે પૈસા તેના બેંક ખાતામાં મોકલ્યા. ત્યારબાદ તેણે વધુ પૈસા માંગતાં કહ્યું કે મારો પગાર અટકી ગયો છે. આશરે દોઢ લાખ રૂપિયા લીધા બાદ રૂપલે પૈસા મોકલવાનું ટાળવાનું શરૂ કર્યું

રૂપલને શંકા ન જાત તે માટે રૂણાલ એકલો મુંબઈ આવ્યો હતો. સાયન કોલીવાડાએ તેના ઘરે કાંદા પૌઆ અને 'જોવાનો' કાર્યક્રમ યોજ્યો હતો.ત્યાર બાદ. તે નાગપુર પાછો ગયો હતો અને કહ્યું હતું કે તે વધુ વાતો માટે તેના માતા-પિતાને સાથે લઈ લાવશે. નાગપુર ગયા પછી પણ તે વિવિધ કારણોસર પૈસા માંગતો રહ્યો. રૂપાલે વધુ પૈસા મોકલ્યા કારણ કે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતુ. અને પગારના અભાવે ઘણા પૈસાની જરૂર હતી. વિવિધ કારણો ટાંકીને રૂપલ પાસેથી ૪૦ લાખ રૂપિયા હડપ કર્યા હતા.

# પુણેમાં પુત્રએ તેની માતાની હત્યા કરી : પ્રેમમાં અડચણ ઉભી કરતા પ્રેમીકાની મદદથી હત્યા કરી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૦

પુણેમાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે જેમાં પ્રેમના અડચણ ઉભી કરનાર દીકરાએ તેની પ્રેમિકાની મદદથી માતાની હત્યા કરી હતી. લોની કાલભોર પોલીસે પુત્ર અને તેની પ્રેમિકાને પણ હાથકડી લગાવી હતી. આઘાતજનક વાત એ છે કે, આ ઘટના પછી, છોકરાએ જાતે જ પોલીસ સ્ટેશન જઈને માતાની હત્યાની ફરિયાદ નોંધાવી હતી. તેણે પોલીસ સમક્ષ ખોટી માહિતી આપી હતી કે લોન લીધા બાદ એક શખ્સે તેની હત્યા કરી હતી. પરંતુ તેની પૂછપરછ કર્યા બાદ પોલીસને એક વિસંગતતા મળી અને થોડા કલાકોમાં જ પોલીસે ગુનોનો પર્દાફાશ કર્યો. પોલિસે પકડેલ આરોપીની ઓળખ વિશાલરામ વાંઝારી (૧૯, રહે. માણે વસ્તી, વડુ ખુર્દ, તાલુકો-હવેલી) અને નેન્સી ગેબ્રિયલ ડોંગરે (૨૬) તરીકે થઈ છે. સુશીલા રામ વંજારી (૩૮) એ હત્યા થયેલ મહિલાનું નામ છે,પોલીસના જણાવ્યા અનુસાર માણે વસ્તીમાં મંગળવારે મળસ્કે ૩ વાગ્યાની આસપાસ એક મહિલાની હત્યા કરાઈ હતી. માહિતી મળતાં પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. તે સમયે સુશીલા વણઝારી મૃત હાલતમાં મળી આવી હતી. તે સમયે તેમનો પુત્ર વિશાલ વણઝારી પણ હાજર હતો. તેણે પોલીસને જણાવ્યું હતું કે, નાંદેડના એક વ્યક્તિએ કર્જને કારણે તેની માતાની હત્યા કરી હતી અને તે ફરાર થઈ ગયો હતો. શરૂઆતમાં, પોલીસને તેનું નિવેદન સાચું લાગ્યું, જે મુજબ તેઓએ એફઆઈઆર પણ નોંધાવી. જો કે પોલીસને જાણવા મળ્યું કે તે ખોટી માહિતી આપી રહ્યો છે અને તેના જવાબમાં ફરક હતો. પોલીસ દ્વારા સઘન તપાસ કર્યા બાદ વિશાલે તેની પ્રેમિકાની મદદથી તેની માતાની હત્યા કરવાની કબૂલાત આપી હતી. વિશાલે પોલીસને જણાવ્યું હતું કે નેન્સી અને તેમનો પ્રેમ સંબંધ છે, પરંતુ આ સંબંધનો માતા સુશીલા વંજારી દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. તેની માતા ઘણી વાર ઘરની પાસેથી પૈસા ચોરી કરવા બદલ તેના પર ગુસ્સે થતી હતી. સોમવારે બપોરે ઘરમાંથી રૂ .૧૫,૫૦૦ ની ચોરી કર્યા બાદ બંને વચ્ચે મોટો ઝઘડો થયો હતો. આને ધ્યાનમાં રાખીને વિશાલે તેની ગર્લફ્રેન્ડ નેન્સીની મદદથી તેની માતાને છરીના ઘા ઝીંકી દીધા હતા. ત્યારબાદ તે તેની માતાની લાશને ઘરની બહાર લાવ્યો અને હત્યાનો ઢોંગ કરીને પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો. પરંતુ પોલીસે તેમનું કાવતરું નાકામ કરી વિશાલ અને નેન્સી બંનેની ધરપકડ કરી હતી.

# રામદેવ બાબા અને અનિલ અંબાણીને આપવામાં આવેલી જમીન પર ઉદ્યોગ ક્યારે ઉભો રહેશે? : નાના પટોલે

ચક્રવાત ટીમ, મુંબઈ. તા. ૧૦

રાજ્ય સરકારે રામદેવ બાબાના પતંજલિ જૂથના હર્બલ અને ફૂડ પાર્ક તેમજ નાગપુરમાં અનિલ અંબાણીના મિહન પ્રોજેક્ટ માટે નજીવા દરે જમીન ફાળવી હતી, પરંતુ હજી સુધી કોઈ ઉદ્યોગ સ્થળ ઉપર આવ્યો નથી..ખેડુતોની લાખોની જમીન મામુલી દરે આપવામાં આવેલી જમીન ઉપર હજુ ઉદ્યોગો કેમ ગોઠવાયા નથી? તે જમીન પર ઉદ્યોગ ક્યારે ઉભો થશે?, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ નાના પાટોલેએ વિધાનસભામાં સવાલ ઉઠાવ્યો હતો.

આ અંગે પાટોલે જણાવ્યું હતું કે, રામદેવ બાબાના પતંજલિ જૂથ મિહન પ્રોજેક્ટમાં ૨૩૦ એકર જમીનમાં હર્બલ અને ફૂડ પાર્ક બનાવશે. આ જમીન રામદેવ બાબાને ખૂબ જ ઓછા ભાવે ૬૬ વર્ષ માટે આપવામાં આવી હતી. એવો દાવો કરવામાં આવ્યો હતો કે આ ઉદ્યોગ વડે ૫૦,૦૦૦ રોજગારીનું સર્જન કરશે અને દરરોજ ૫૦૦૦ કરોડ રૂપિયાના કાચા માલ ખરીદશે, પરંતુ ચાર વર્ષ પછી, પતંજલિનો ઉદ્યોગ હજી ઉભરી આવ્યો નથી. અનિલ અંબાણીની રિલાયન્સ ડિફેન્સ કંપનીને પણ મિહાનમાં ૨૮૯ એકર જમીન ફાળવવામાં આવી છે. એવો દાવો કરવામાં આવ્યો હતો કે આ ઉદ્યોગ ૨૦૦૦ સીધી અને ૧૫,૦૦૦ પરોક્ષ રોજગાર પેદા કરશે, પરંતુ આ પ્રોજેક્ટ હજુ સુધી સ્થાપિત થયો નથી.

નાના પાટોલેએ પૂછેલા સવાલના જવાબમાં ઉદ્યોગ પ્રધાન સુભાષ દેસાઈએ કહ્યું હતું કે, સરકાર દ્વારા ઉદ્યોગો સ્થાપવા માટે જમીન આપવામાં આવેલા રામદેવ બાબા, અનિલ અંબાણી અને અન્ય લોકોની માહિતી મેળવીને અમે યોગ્ય પગલા લઈશું પરંતુ કોઈ ઉદ્યોગો સાઈટ પર.ઉભા થયા નથી.

# કોટનમાં ૪૭,૦૨૫ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદામાં સેંકડા ઘટ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૦

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને કોમોડિટી ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૭૬૦૦૩ સોદામાં રૂ.૧૨૬૯૬.૩૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં નરમાઈનો માહોલ હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૧ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૬૭૩ તૂટ્યો હતો. નિકલ સિવાયની તમામ બિનલોહ ધાતુઓમાં ઘટાડો થયો હતો. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને ઘટી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટનમાં ૪૭,૦૨૫ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યા હતા. કોટનમાં ઓપન ઈન્ટરેસ્ટ ૨,૭૭,૯૨૫ ગાંસડીના સ્તરે પહોંચ્યો હતો. રબર અને સીપીઓમાં સુધારા સામે મેન્થા તેલ અને કપાસ ઢીલાં હતાં. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૯૦૮૪૮ સોદાઓમાં રૂ.૫૪૧૧.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૭૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૮૨૩ અને નીચામાં રૂ.૪૪૬૩૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭૧ ઘટીને રૂ.૪૪૬૮૬ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩૦ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૫૯૪૮ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૪ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૪૬૫ થયા હતા, જ્યારે સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯ ઘટીને બંધમાં રૂ.૪૪૬૮૫ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૬૯૫૧ ખૂલી, ઊપરમાં રૂ.૬૭૨૪૪ અને નીચામાં રૂ.૬૬૫૨૨ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૭૩ ઘટીને રૂ.૬૬૮૦૭ બંધ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૬૪૪ ઘટીને રૂ.૬૬૮૮૩ અને ચાંદી-માઈક્રો એપ્રિલ રૂ.૬૪૧ ઘટીને રૂ.૬૬૮૮૧ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૪૭૭૫ સોદાઓમાં રૂ.૨૯૮૬.૨૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૬૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૭૦૭ અને નીચામાં રૂ.૪૬૧૭ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૮ વધીને રૂ.૪૬૯૮ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૭૦૦ સોદાઓમાં કુલ રૂ.૫૩૨.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન માર્ચ વાયદો ગાંસડીદીઠ રૂ.૨૨૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૦૦૦ અને નીચામાં રૂ.૨૧૭૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૫૦ ઘટીને રૂ.૨૧૮૩૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૧૦૫.૯ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧.૮ વધીને બંધમાં રૂ.૧૧૦૯.૩ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૦ અને નીચામાં રૂ.૯૬૦ રહી, અંતે રૂ.૯૬૦ બંધ રહ્યો હતો.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

## બીચ પર કાર પાર્ક કરવાની ભૂલ કરી; ભરતી પછી કાર સમુદ્રમાં તણાઈ



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૦

ભાયંદરના ઉત્તન કાંઠે એક કાર સમુદ્રમા તરતી મળી આવી છે. યુવકોની બેદરકારીને કારણે આ પ્રકારની ઘટના બની હોવાનું સમજી શકાય છે. મંગળવારે સાંજે, યુવાન સ્કોર્પિયો કારમાં બીચ પર આવ્યો હતો. બીચ પર પહોંચ્યા પછી, યુવકો તેમની કાર ત્યાં પાર્ક કરીને ચાલવા નીકળ્યા હતા. થોડા સમય પછી, ભરતી ફરી વળવાની શરૂઆત થતા જેના કારણે કાર પાણીમા તણાઈ ગઈ હતી આ બાબતની જાણ ફાયર બ્રિગેડને થતા. ફાયર ફાઈટરો ઘટના સ્થળે દોડી ગયા હતા અને વાહનને દરિયામાંથી બહાર કાઢયું હતું.

# ગોવામાં બે સિનિયર સિટીઝનની હત્યાના કેસમા ફરાર ત્રણ નોકર મુંબઈથી ઝડપાયા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૦

ગોવામાં બે સિનિયર સિટીઝનની માથામાં હથોડો ઝીંકીને કરાયેલી હત્યાના કેસમાં ફરાર ત્રણ નોકરને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે મુંબઈથી પકડી પાડ્યા હતા. શિવાજી પાર્ક સ્થિત ચૈત્યભૂમિ નજીકથી પકડાયેલા આરોપીઓ ઝારખંડ ભાગી છૂટવાની તૈયારીમાં હતા. કામના પૈસા વહેલા ન મળતાં રોષે ભરાઈને ગુનો આચર્યો હોવાની કબૂલાત ત્રણેય આરોપીએ પૂછપરછમાં કરી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૪ના અધિકારીઓએ આ કેસમાં પકડી પાડેલા આરોપીઓની ઓળખ આકાશ અજયકુમાર ઘોષ (૨૦), રવિનકુમાર શ્યામકુમાર સાદા (૧૮) અને આદિત્યકુમાર રમેશ ખરવાલ (૧૮) તરીકે થઈ હતી. આકાશ અને આદિત્યકુમાર ઝારખંડના, જ્યારે રવિનકુમાર બિહારનો વતની છે, એમ પોલીસે જણાવ્યું હતું.

ગોવામાં મડગાંવ નજીકના ફટોર્ડા પોલીસ સ્ટેશનની હદમાં રહેતા મિંગલ મિરાન્ડા (૬૮) અને તેની સાસુ કેથરીન પિન્ટો (૮૬)ની રવિવારે રાતે હત્યા કરવામાં આવી હતી. માથામાં હથોડો ઝીંકી બંનેને મોતને ઘાટ ઉતારવામાં આવ્યાં હતાં. મૃતદેહોની બાજુમાં હથોડો પડેલો હતો. સોમવારે મળસકે આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ મિંગલની પુત્રી ઝેજુલીનાએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ફરિયાદ નોંધાવતાં ગુનો દાખલ કરાયો હતો.

મિંગલ મિરાન્ડાના ઘરની પાછળ આવેલી રૂમમાં રહેતા ત્રણ નોકર આ ઘટના બાદ ગાયબ હોવાનું જાણવા મળતાં પોલીસને તેમના પર શંકા ગઈ હતી. આથી તેમના સ્કેચ તૈયાર કરાયા હતા. ત્રણેય મુંબઈ ભાગી છૂટવાની શક્યતાને પગલે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. આથી ક્રાઈમ બ્રાન્ચે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, દાદર, કુર્લા અને વડાલા રેલવે સ્ટેશને જઈને માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

દરમિયાન ત્રણેય શકમંદ દાદર પશ્ચિમમાં શિવાજી પાર્ક વિસ્તારમાં ફરી રહ્યા હોવાની માહિતી મળતાં પોલીસની ટીમ ત્યાં રવાના થઈ હતી અને ચૈત્યભૂમિ નજીકથી ત્રણેય જણને તાબામાં લીધા હતા, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

# બારામતી હનીટ્રેપ કેસમાં બે મહિલા સહિત ૪ જણની અટક : માસ્ટરમાઈન્ડ મુંબઈનો સસ્પેન્ડેડ પોલીસ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૦

બારામતીમાં પોલીસે હનીટ્રેપ દ્વારા ખંડણી વસૂલ કરતી એક ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ આરોપીઓએ અત્યાર સુધીમાં ૧૦ થી ૧૦ ગુના આચર્યા છે. નોંધનીય છે કે ચાર વ્યક્તિઓની ધરપકડ બાદ હનીટ્રેપનો પ્લાન બનાવનાર માસ્ટરમાઈન્ડ મુંબઈ પોલિસનો સસ્પેન્ડેડ પોલિસ છે. બારામતી પોલીસે મોટી હનીટ્રેપ અને ખંડણીની ગેંગના સ્મિતા દિલીપ ગાયકવાડ, આશિષ અશોક પવાર, સુહાસિની યોગેશ આહિવાલે અને રાકેશ રમેશ નિમ્બોરની ધરપકડ કરવામાં આવી છે. આ અંગે બારામતીના કમલાશંકર પાંડેએ ફરિયાદ નોંધાવી હતી. આમાં ફાલ્ટનની સ્મિતા ગાયકવાડે તેના મોબાઈલથી એક ઓળખ બનાવી, ફોટા મોકલાવ્યા અને ચેટ કરી અને પાંડેને ફલટણમાં આમંત્રણ આપ્યું હતુ. તેણીએ તેમને બોલાવ્યા પછી અચાનક આશિષ પવાર અને ગુરુ કાકડે આવ્યા અને કમલાશંકર પાંડેને જાનથી મારી નાખવાની ધમકી આપી. વળી, તેની બહેન સુહાસિની પણ ત્યાં હતી. છે અને તેણે મહિલાઓ પર અત્યાચારનો કેસ નોંધવાની ધમકી આપી હતી અને પાંચ લાખની ખંડણી માંગી હતી. કમલાશંકર પાંડે ભયભીત થઈ ગયો હતો અને ભયના કારણે માનસિક તાણમાં આવ્યો હતો.. ત્યારબાદ તેણે આરોપીને એક લાખ રૂપિયા ચુકવ્યા હતા. થોડા દિવસો બાદ આરોપીએ ફરીથી પૈસાની માંગ કરી. ગુરુ કાકડેએ તેમને જણાવ્યું હતું કે, તેઓ બાકીની ખંડણી માંગવા માટે બારામતી બસ સ્ટેન્ડ પર આવી રહ્યા છે. ત્યાંથી કમલાશંકર પાંડે નાઈલાજે અંતે બારામતી પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો.. ત્યારબાદ અશ્વિની શેંડગે કમલાશંકર પાંડેને બોલાવીને પંચ અને પોલીસ કર્મચારીઓ સાથે મળી છટકું ગોઠવ્યું હતુ અને બાકીની રકમ લેતા તે શખ્સને તેના મારુતિ વેગનઆર વાહન સાથે અટક કરી હતી. વધુ પૂછપરછ કરતાં તે રાકેશ રમેશ નિમ્બોર હોવાનું બહાર આવ્યું હતું. રાકેશ રમેશ નિમ્ભોરથી ફાલ્ટન બારામતી સિટી પોલીસ થાણે લોનાંડ પોલીસ સ્ટેશન સુધી અત્યાર સુધીમાં ૧૧ ગુનાઓ આચરવામાં આવ્યા છે, જ્યારે આશિષ પવાર પોલીસ કોન્સ્ટેબલ હોવાનું જાણવા મળ્યું છે. આશિષ અશોક પવારની ઓળખ મુંબઈના કુરાર પોલીસ સ્ટેશનના પોલીસકર્મી તરીકે થઈ હતી. બે મહિના પહેલા તેને પોલીસ સ્ટેશનથી સસ્પેન્ડ કરવામા આવ્યો હતો.

# મહીસાગર જીલ્લાના પહાડી વિસ્તારમાં આવેલું પૌરાણિક સાતકુડા મહાદેવ મંદિર

ચક્રવાત ટીમ સંતરામપુર, તા.૧૦

આજે શિવરાત્રીનો પાવનપર્વ છે.શિવરાત્રી શિવની પુજન આરાધનાનો પર્વ છે.આજના દિવસે શિવજીને બીલીપત્ર,પુજન અર્ચન કરીને ધન્યતા અનુભવે છે.મહિસાગરના પ્રાકૃતિક સૌદર્યથી ભરપુર એવા પાનમના જંગલમા આવેલુ છે.સાતકુંડા મહાદેવ.જ્યા શિવરાત્રી અને શ્રાવણ મહિનામાં દર્શનાર્થીઓની ભીડ જામે છે.ચોમાસામા અહી ડુંગરમાથી ફુટેલા ઝરણા આર્કષણનુ કેન્દ્ર બને છે.



મહીસાગર જિલ્લામાં પહોડોની હારમાળાઓમા શુશોભીત એટલે કે સાતકુડા મહાદેવ મંદિર પ્રવાસન સ્થળ તરીકે પ્રખ્યાત એટલે સાતકુડા મહાદેવ મંદિર આ મંદીરની વિશેષતા એટલે આ પહાડોની તળેટીમાં સાતકુંડની હારમાળાઓ આવેલી છે પરંતુ આ કુંડમાથી બારેમાસ ઝરણાઓનો સ્તોત્ર સદંતર રીતે વહ્યા કરે છે પરંતુ પ્રવાસ દરમિયાન લોકો દુર દૂરથી આ સાતકુડા ગામે મહાદેવના મંદિરે દર્શન કરવા પણ ઉમટી પડે છે પરંતુ મહાદેવના મંદિરે દીન દુઃખીયા પોતાની માનતા લે છે શિવરાત્રીના દિવસે તથા સોમવાર રવિવારે પણ પ્રવાસન સ્થળ લોકો દર્શને ઉમટી પડે છે પરંતુ ભોલેનાથ એમની મનોકામનાઓ પૂર્ણ કરે તો આનંદ ઉત્સાહથી બાધા માનતા પૂર્ણ કરવા પણ આવે છે આ મંદીરના કુંડમાં પર્યટકો સ્નાનનો મહીમા પણ ગણવામાં આવે છે દર્શનાર્થીઓ ચોમાસાની ઋતુમાં રંગબેરંગી ચાદરથી આનંદમય વાતાવરણમાં એક અનોખુ વાતાવરણ જોવા મળે છે.

## કોડીનાર : ઘાટવડમાં ગેબનશા બાબાનો ઉર્ષ ધાધૂમથી ઉજવાયો




ચક્રવાત ટીમ ઉના, તા.૧૦

ગત સોમવારે સંદલ શરીફનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો જેમાં સિદી બાદશાહ ની ધમાલ સાથે સાદર શરીફ સડાવામાં આવી હતી તા ૯/૩/૨૦૨૧ ને મંગળ વાર ના દિવસે ઉર્ષ મનાવામાં આવ્યો હતો તેમાં ૪ વાગ્યે ચાદર અને ૭ વાગ્યે આમ ન્યાજ નો પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો અને રાત્રે ૧૦ વાગ્યે કવાલી નો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો જેમાં રાજસ્થાનના મશહૂર કવ્વાલ નૌસાદ શોલાં અજમેરી એ કવ્વાલી ની ધુમ મસાવી હતી જેમાં મહેમાન માં ગિરગઢડા ના સૈયદ અહેમદ હુસેન બાપુ કોડીનાર થી સૈયદ મોઈન બાપુ ઘાટવડ ના પેઈસીમામ સૈયદ ઈર્સાદ હુસેન બાપુ તથા નાલયાં માંડવી થી ઉસ્માન ભાઈ કાજી તથા કોડીનાર ઘાંચી મુસ્લિમ સમાજ ના પટેલ રફીક ભાઈ સેલોત તથા કોડીનાર પઠાણ સમાજ ના પ્રમુખ બસીર પટેલ તથા જિલ્લા પંચાયત ના સદસ્ય મહિપત ભાઈ ડોડીયા તથા તાલુકા પંચાયત સદસ્ય મસરી ભાઈ તથા વલાદર ના સરપસ હનીફ ભાઈ જહાંગીર તથા આજુ બાજુ ગામ ના આગેવાનો હાજર રહિયા હતા.

# રાજકોટમાં કોઠારીયા સોલ્વન્ટ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં ભીષણ આગ, લોકોમાં અફરાતફરી

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૦

રાજકોટમાં કોઠારીયા સોલ્વેન્ટ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં કોઈ કારણોસર ભીષણ આગ લાગતા લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાને પગલે ફાયરબ્રિગેડની ૩ ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો કર્યા શરૂ કર્યા હતા. હજુ સુધી કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ વિકરાળ આગમાં માસ-સામાન ખાખ થયાનું જાણવા મળ્યું છે.

આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ફાયર ફાઈટરની ટીમ દ્વારા લોકોને પણ આગથી દૂર રહેવા સલાહ આપવામાં આવી છે. આગ એટલી વિશાળ હતી કે, કાળા ધૂમાડાના ગોટેગોટા કિલોમીટરો દૂર સુધી જોવા મળ્યા હતા. પાણીનો સતત મારો ચલાવી આગને કાબૂમાં લેવા પ્રયાસો હાથ ધરાયા છે. આગના પગલે અહીં અફરાતફરી મચી ગઈ હતી. આસપાસના વિસ્તારના લોકોને પણ દૂર ખસેડવામાં આવ્યા હતા.



આગના ગોટેગોટા દૂર સુધી જોવા મળી રહ્યાં છે. હાલ મોટાભાગની આગ કાબૂમાં આવી ચૂકી છે. હાલ કંઈ રીતે આગ લાગી તે અંગે મેનેજમેન્ટ દ્વારા કોઈ પણ જાતનો ખુલાસો કરવામાં આવ્યો નથી. બીજી તરફ ફેકટરીમાં મોટાભાગના સ્ટોર રૂમ અને અન્ય રૂમોમાં ફાયર સેફટીના સાધનો હતા કે કેમ તે અંગે પણ તપાસ હાથ ધરાઈ છે.

## ઊનામાં ટેકાના ભાવે ચણાની ખરીદીનો પ્રારંભ

### પ્રથમ દિવસે ૧૧ ખેડૂતોના ચણા ૨૧૩ કટાની આવક થઇ



ચક્રવાત ટીમ ઉના, તા.૧૦

ઉના ગીરગઢડા પંથકના ખેડૂતોના ચણાની ટેકાના ભાવે ખરીદી કરવા પ્રથમ રજીસ્ટેશન કરવામાં આવ્યુ હતું. જેમાં ઉના તાલુકાના ૧૯૭૮ ખેડૂતો તેમજ ગીરગઢડા તાલુકાના ૩૫૯૭ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. આમ કુલ બન્ને તાલુકાના થઈ ૫૫૭૫ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવી ચુક્યા છ. ખેડૂતોને પોતાના ચણા લઈ આવવા મેસેજ દ્વારા જાણ કરવામાં આવેલ હતી. ત્યારે આજે ટેકાના ભાવે ચણાની ખરીદી માટેના અગાઉ ૨૫ ખેડૂતોને મેસેજ કરી દેવામાં આવ્યા હતા. જેમાં ૨૫ ખેડૂતો માંથી માત્ર ૧૧ ખેડૂતો સવારથી પોતાના ચણા વાહનોમાં લઈ માર્કેટીંગ યાર્ડ સેન્ટર ખાતે પહોચી ગયા હતા. સવારથી સાંજ સુધીમાં અગીયાર ખેડૂતોના ૨૧૩ કટા ચણાની આવક થયેલ હતી. જોકે સવારથી સાંજ સુધી શાંતિપૂર્વક ખેડૂતોના ચણાની ખરીદી થઈ હતી.

## ઊનાના કોટક મહિન્દ્રા બેન્કના એજન્ટે કરી રૂા. ૭ લાખથી વધુની છેતરપીંડી

ચક્રવાત ટીમ ઉના, તા.૧૦

ઉના અને ગીરગઢડા તાલુકામાં કોટક મહિન્દ્ર કંપનીની બેન્કે આપેલ લોનના હપ્તા ડાયરેક્ટર રીકવરી એજન્ટે ૧૨ ગામો માંથી લોન ધારકો પાસેથી ઉઘરાવી હપ્તાની રકમ રૂ.૬ લાખ ૯ હજાર ૧૨૦ બેન્કમાં જમા ન કરવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કર્યાની ઉના પોલીસમાં ફરીયાદ નોધાવી હતી.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ મુળ વેરાવળ તાલુકાના ભેટાળી ગામના વતની અને હાલ જુનાગઢ રહેતા કોટક મહિન્દ્રા કું. નામની બેન્કમાં જુનાગઢ બ્રાંન્ચના મેનેજર રવેશભાઈ ગીગાભાઈ ઝાલાએ તેમની બ્રાન્ચમાં નિમણુંક કરેલ ડાયરેક્ટ રીકવરી એજન્ટ (ડિ.આર.એ.) તરીકે કામ કરતો મનનસિંહ બાબુભાઈ ચૈહાણ રહે.અંજાર એ ગત તા.૬ થી ૧૪ ફેબ્રુ ૨૦૨૧ સુધીમાં ઉના તાલુકાના સીમર, નાંદરખ, ગીરગઢડા, ધોકડવા, દ્રોણ, વડલી, રસુલપરા, સણોસરી, નાના સમઢીયાળા, પડાપાદર સહીત ગામોમાં લોનના હપ્તા ગ્રાહકો પાસેથી રોકડા ઉઘરાવી તા.૬ થી ૧૪ ફેબ્રુ ૨૦૨૧ સુધીના રૂ.૬.૯,૧૨૦ બેન્કમાં જમા ન કરાવતા મેનેજરે રૂપિયાની ઉઘરાણી કરતા આરોપી મનનસિંહએ રૂપિયા આપવાનો ઈન્કાર કરી ઉઘરાણી કરશો તો પોલીસમાં ફરીયાદ કરવાની ધમકી આપી હતી. આ અંગે બ્રાન્ચના મેનેજર રવેશભાઈએ ઉના પોલીસમાં વિશ્વાસઘાત અને છેતરપીંડી કર્યાની ફરીયાદ નોધાવતા પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી શખ્સને ઝડપી પાડવા ચક્રગતીમાન કરેલ છે.

## માંગરોળમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સફાઈ કામદાર બહેનોનું સન્માન

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે માંગરોળની વિવિધ સામાજિક સેવાકીય સંસ્થાઓ દ્વારા સફાઈ કામ કરતી ૮૫ જેટલી બહેનો નું સન્માન કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે માંગરોળના વિવિધ સંગઠનો ટ્રસ્ટ પાપા, મહાલક્ષ્મી સેવા ટ્રસ્ટ, શહેર ભાજપ સમિતિ, વંદે માતરમ્ ગ્રુપ વગેરે સંસ્થાઓ તરફથી સફાઈ કામદાર બહેનોને મુખવાસદાની, એન૯૫ માસ્ક, પાણીની બોટલ, મહેંદી ડિઝાઇનની પુસ્તિકા, નાસ્તો અને વિવિધ ભેટ આપવામાં આવી હતી. તેમજ આ સફાઈ કામદાર તમામ બહેનોને સન્માન પત્ર આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. માંગરોળ નગરપાલિકા પાણીની ટાંકી પાસે યોજાયેલા આ કાર્યક્રમમાં માંગરોળ નગરપાલિકા પ્રમુખ ઝાલા, ઉપ્રમુખ વિઠલાણી સહિત સંસ્થાઓના હોદ્દેદારો અને સફાઈ સુપરવાઈઝરો સફાઈ કામદાર બહેનો જોડાયા હતા.



## નવાગામમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી



ચક્રવાત ટીમ વંથલી, તા.૧૦

વંથલી તાલુકાના નવાગામ (મહોબતપુર ) માં ૮ માર્ચ ના રોજ મહિલા દિવસ ની ઉજવણી અગ્રિકલચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી - આત્મા પ્રોજેક્ટ જૂનાગઢ દ્વારા કરવામાં આવી. મહિલા સશક્તિ કરણ, આત્મનિર્ભર, નિઃસ્વાર્થી, ૉદ્ધિ, કરુણા, વાત્સલ્ય અને જરૂર પડે ત્યારે જગદંબા પણ થવું પડે એવી પ્રેરણા દાયક વાતો મહિલા અગ્રણી મનીષાબેન ફડદુ એ મહિલાઓ ને કરી. એમને સ્મૃતિ ભેટ આપી મહિલા દિને સન્માનિત કરવામાં આવ્યા હતા.

પશુપાલન વિશે અને પ્રાકૃતિક ખેતી વિશે પણ વિશેષ તજગનો દ્રારા માહિતી આપવામાં આવી, સમગ્ર આયોજન આત્મા પ્રોજેક્ટ ઓફિસર દ્રારા નવાગામ માં કાજલબેન સાપરીયા એ વ્યવસ્થા સંભાળી હતી. ગામના શ્રેષ્ઠ મહિલા તરીકે કાજલબેન નું સન્માન કરવામાં આવ્યું. ગામના સર્વે બેનોએ દીપ પ્રાગટ્ય, કેક કટીંગ, માહિતી પ્રોગ્રામ તેમજ ભોજન સમારંભ માં મોટી સંખ્યા માં ઉત્સાહ સાથે હાજરી આપી હતી.

# ઉપલેટા તાલુકા પંચાયતના વધુ એક અપક્ષ સભ્યએ કોંગ્રેસને સમર્થન જાહેર કર્યું

ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૧૦

ઉપલેટામાં ફરી એક વાર રાજકારણમાં ગરમાવો આવ્યો છે જેમાં ઉપલેટા તાલુકા પંચાયતમાં પરિણામના દિવસે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોના ૦૮-૦૮ ઉમેદવારોની જીત થઈ હતી ત્યારે બીજી તરફ ઉપલેટા તાલુકા પંચાયતમાં અપક્ષના પણ બે ઉમેદવારોની જીત થઈ હતી જેમાં ગઈ કાલે જ ઉપલેટા તાલુકા પંચાયતની ખારચિયા બેઠકના અપક્ષના સદસ્ય પ્રવિણાબેન પીયુશભાઈ હુંબલ ભાજપમાં જોડાયા હતા જે બાદ ભાજપ પાસે એક બેઠકની સંખ્યા વધીને નવ થઈ છે જયારે કોંગ્રેસની પાસે આઠ બેઠકો હતી પરંતુ આજે ઉપલેટા તાલુકા પંચાયતની તલગણા બેઠકના અપક્ષમાંથી ચુટાઈ આવેલા કડવીબેન રામસીભાઈ વામરોટીયાએ કોગ્રેસ સાથે રહેવાનો કર્યો નિર્ણય કર્યો છે. અપક્ષના સદસ્યએ કોંગ્રેસ સાથે રહેવાનું નક્કી કરતા ધોરાજી-ઉપલેટાના કોંગ્રેસના ધારાસભ્ય લલિત વસોયા તથા વિપક્ષના નેતા પરેશભાઈ ધાનાણીની હાજરીમા કોગ્રેસમા ભળ્યા છે જવાબ કોંગ્રેસ નેતાઓ અને કાર્યકર્તાઓ એ તેમને આવકાર્યા હતા. તાલગણા બેઠકના અપક્ષના સદસ્ય કોંગ્રેસમાં ભળતા કોંગ્રેસ પાસે પણ હાલ નવ બેઠકો કબજે થયેલી જોવા મળી રહી છે. આજે વધુ એક અપક્ષના સદસ્ય કોંગ્રેસમાં જોડાયા છે જેથી હાલ કોંગ્રેસ પાસે પણ એક બેઠકમાં વધારો થયો છે. વાત કરીએ તો ઉપલેટા તાલુકા પંચાયતમાં હાલ ફરી એક વાર ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષો પાસે સમાન બેઠકો થઈ ગઈ છે ભૂતકાળમાં પરિણામના દિવસે તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠકોમાં ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષ પાસે ૦૮-૦૮ બેઠકો એટલે કે સમાન બેઠકો હતી સાથે અપક્ષના બે ઉમેદવારોની પણ જીત થઈ હતી. ઉપલેટામાં ગઈ કાલે અપક્ષના એક સદસ્ય ભાજપમાં ભળતા ભાજપ પાસે ૯ બેઠક થઈ હતી જયારે આજે વધુ એક અપક્ષના સદસ્ય કોંગ્રેસમાં ભળતા ફરી એક વાર બન્ને પક્ષો પાસે સમાન સદસ્યો થઈ ચુક્યા છે ત્યારે આ સાથે જ આવનારા દિવસોમાં ઉપલેટા તાલુકા પંચાયતના પ્રમુખનો તાજ કોના સિરે રહેશે તે અંગેની જોર શોરથી ચર્ચાઓ શરુ થઈ ચુકી છે.



## ડૉ. રીનાબેન વિનુભાઈ ખાણીયાએ રાજ્ય કક્ષાના એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલમાં કૃતિ રજુ કરી

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૦

ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર પ્રાંત માટે રાજ્ય કક્ષાનો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ રાજકોટ ખાતે યોજાયો હતો. તેમાં ડૉ. રીનાબેન વિનુભાઈ ખાણીયાએ ધોરણ ૧૦ નાં વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન સામાજિક વિજ્ઞાન વિષયની સ્વ મૂલ્યાંકન કસોટીઓની રચના કરી હતી, આ કસોટીઓ એકમ અનુસાર બનાવવામાં આવી હતી, તેમાં વિદ્યાર્થીઓ પોતાનું મૂલ્યાંકન પોતાની રીતે કરી શકે અને પોતે મેળવેલ ગુણ જાણી શકે તેમજ ઓનલાઈન પ્રમાણપત્ર પણ મેળવી શકે છે. આ કસોટીઓ ગુજરાતનાં તમામ જિલ્લાનાં વિદ્યાર્થીઓ આપી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. અને આ કસોટીઓ ગુજરાતના ૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ આપી હતી. આ ઈનોવેશનમાં ડૉ. રીનાબેન ખાણીયાએ માધ્યમિક વિભાગમાં તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન અને જિલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ હતુ, તેમજ રાજ્ય કક્ષાના એજ્યુકેશન ઈનોવેશન ફેરમાં પોતાની કૃતિ રજૂ કરી હતી. કેશોદનાં વતની ડૉ. રીનાબેન ખાણીયા પહેલાં સરકારી માધ્યમિક શાળા વેળાકોટમાં ફરજ બજાવતા હતા, અને હાલ તેઓ સરકારી મોડેલ સ્કૂલ દ્વારકામાં ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ફરજ બજાવે છે.



# શ્રી યુ.પી.વ્યાસ. કન્યા વિધાલય જોડિયામાં વિદ્યાર્થિનીઓ અંગે માર્ગદર્શન સેમિનાર

ચક્રવાત ટીમ હડિયાણા, તા.૧૦

આતરાષ્ટ્રિય મહિલા દિવસ અંતર્ગત જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી ના તા.૦૩.૦૩.૨૧ના પરિપત્ર મુજબ અમારી શાળા શ્રી મતિ યુ.પી. વ્યાસ કન્યા વિધાલય. જોડિયા માં ધો.૯ થી ૧૨માં અભ્યાસ કરતી વિધાર્થીનિઓના કિશોરાવસ્થામાં આવતા શારીરિક ફેરફાર અંગે સમજ માટેના વર્કશોપ નું આયોજન તા.૧૦.૦૩.૨૦૨૧ ના રોજ કરવામાં આવ્યું હતું.... આ કાર્યક્રમ માં નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી કિર્તનબેન પરમાર.. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી ડોડીયા સાહેબ.. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી બી.એન.દવે સાહેબ..મહિલા અને બાળ વિકાસ અધિકારી શ્રી ડો.બાંભી સાહેબ.. જોડિયા ઈન.ચાર્જ તા.વી.અધિકારી શ્રી સોરઠીયા સાહેબ.. આ સંસ્થાના ટ્રસ્ટી શ્રી અશોકભાઈ વર્મા..શાળા ના ઈન.આચાર્યશ્રી મનહરભાઈ બુમતારિયા સાહેબ.શાળા નો સ્ટાફ.. સી.ડી.પી.ઓ.મેડમશ્રી નર્મદાબેન ઠોરિયા.ડી.પી. એચ.ઓ. શ્રી જયાબેન રાઠોડ.તેમજ અન્ય શાળા ઓ માંથી શિક્ષિકાબહેનો.મહિલા બાળવિકાસ નો સ્ટાફ અને આરોગ્ય અધિકારી અને સ્ટાફ હાજર રહ્યા હતા.. આ



કાર્યક્રમ ની શરૂઆત દીપ પ્રાગટય કરીને મહેમાનો નું સ્વાગત કરવામાં આવ્યું હતું. અને નાયબ ડી.ડી.ઓ. કીર્તનબેન પરમાર અને પ્રા. શિક્ષણ અધિકારી દવે સાહેબ નું પ્રસંગ ને અનુરૂપ શાબ્દીક પ્રવચન કરવામાં આવ્યું હતુ અને ત્યારબાદ નાયબ ડી.ડી.ઓ.કીર્તન બેન પરમાર ના વરદ હસ્તે પ્રાથમીક અને માધ્યમિક શિક્ષિકાબહેનોને સેનેટરી પેડ ની કીટ નું વીતરણ કરવામાં આવ્યું હતું.

## ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટી-૨૦ સિરીઝ પહેલા નટરાજન ઈજાગ્રસ્ત : ભારતીય ટીમની ચિંતામાં વધારો



(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૦

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની ટી-૨૦ સીરિઝ ૧૨ માર્ચથી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. ટેસ્ટ શ્રેણીમાં મળેલા ભવ્ય વિજય બાદ ટીમ ઈન્ડિયા ટી-૨૦ શ્રેણીમાં આત્મવિશ્વાસ સાથે ઉતરશે. પરંતુ ટી-૨૦ અને તે બાદ શરૂ થનારી વન ડે સીરિઝ પહેલા ભારત માટે માઠા સમાચાર આવી રહ્યા છે. ડાબોડી ફાસ્ટ બોલર ટી નટરાજન ઈંગ્લેન્ડ સામેની પ્રથમ મેચમાંથી બહાર થઈ શકે છે.

રિપોર્ટ પ્રમાણે, નટરાજન હાલ બેંગ્લુરુ સ્થિતિ નેશનલ ક્રિકેટ એકેડમીમાં ઈજામાંથી મુક્ત થઈ રહ્યો છે અને તે રિહેબિલેટેશનમાંથી પસાર થઈ રહ્યો છે. તેની ઈજાના પ્રકાર અને ઠીક થવામાં કેટલો સમય લાગશે તેનો અંદાજ લગાવી શકાયો નથી. એનસીએ દ્વારા આ અંગે ટીમ મેનેજમેન્ટને માહિતાગાર કરી દેવામાં આવ્યા છે. જોકે બીસીસીઆઈ તરફથી આ અગે હજુ કોઈ સત્તાવાર જાહેરાત નથી કરવામાં આવી.

## સૌથી વધુ ઈન્ટરનેશનલ મેચ રમનાર પ્રથમ મહિલા ક્રિકેટર મીતાલી રાજ

લખનઉ,તા.૧૦



સ્મૃતિ મંધાનાના ૮૦* રનની મદદથી ભારતીય મહિલા ટીમે બીજી વન-ડેમાં દક્ષિણ આફ્રિકાને ૯ વિકેટે હરાવી છે. કેપ્ટન મિતાલી રાજની આ ૩૧૦મી ઈન્ટરનેશનલ મેચ હતી. ઈંગ્લેન્ડની શાર્લેટ એડવર્ડને ૫ ાછળ મુકી તે સૌથી વધુ ઈન્ટરનેશનલ મેચ રમનારી મહિલા ક્રિકેટર બની છે. પ્રથમ રમતા દ.આફ્રિકાએ ૧૫૭ રન બનાવ્યા હતા. મેન ઓફ ધ મેચ ઝુલન ગોસ્વામીએ ૪ વિકેટ સાથે વન ડેમાં ૪ વિકેટ લેનારી ત્રીજી મહિલા ખેલાડી બની છે. ભારતીય યુવાન બેટ્સમેન શેફાલી વર્મા મહિલા ટી૨૦ બેટિંગ રેન્કિંગમાં એક સ્થાનના કૂદકા સાથે બીજા નંબરે આવી છે. ભારતની વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાના (૬૯૩) ૭મા અને જેમિમા (૬૪૩) ૯મા નંબરે છે. બોલિમાંગ દિપ્તી છઠ્ઠા, રાધા ૮મા અને પુનમ ૯મા નંબરે છે.

## ન્યૂઝિલેન્ડને ઝટકો : ઈજાના કારણે બાંગ્લાદેશ સામેની વન-ડે સિરિઝમાંથી વિલીયમ્સન બહાર



(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૦

આઈપીએલ ૨૦૨૧ની શરૂઆત થવાને હવે એક મહિનો બાકી છે અને તે પહેલા ન્યૂઝીલેન્ડના કેપ્ટન કેન વિલિયમસને સનરાઈઝર્સ હૈદરાબાદની દિલની ધડકનો વધારી નાંખી છે. વિલિયમસન ઈજાગ્રસ્ત થયો છે અને ઈજાના કારણે તે બાંગ્લાદેશ વિરૂદ્ધ વન-ડે સિરીઝથી પણ બહાર થઈ ગયો છે. જે ૨૦ માર્ચથી શરૂ થવાની છે. માત્ર આટલું જ નહી વિલિયમસનની ઈજાએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ મેચ પહેલા ન્યૂઝીલેન્ડની પણ ચિંતા વધારી દીધી છે. જૂનમાં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ મેચ રમાવાની છે. ખરેખર વિલિયમસનની ડાબી કોણીમાં ઈજા પહોંચી છે અને તે ગર્મીના મધ્યથી જ આ ઈજા સામે જઝૂમી રહ્યો છે. મેડિકલ મેનેજર ડેન શેકેલ એ તેની ૫ ુષ્ટી કરતા કહ્યું કે, વિલિયમસન ગર્મીની આખી સિઝનમાં આ ઈઝાથી જઝૂમી રહ્યો હતો.

## બસ થોડી સિક્સર અને રોહીત શર્મા બનશે સૌથી વધુ સિક્સર ફટકારનાર બેટ્સમેન

નવી દિલ્હી,તા.૧૦





ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૧૨ માર્ચથી ૫ ્-૨૦ મેચોની શ્રેણી શરૂ થઈ રહી છે. આ શ્રેણી ટીમ ઈન્ડિયાના ઓપનર અને સ્ટાર બેટ્સમેન રોહિત શર્મા માટે મહત્ત્વની સાબિત થઈ શકે છે. રોહિત આ શ્રેણી દરમિયાન ્-૨૦ ઈન્ટરનેશનલમાં સૌથી વધુ સિક્સ મારનાર બેટ્સમેન બની શકે છે. અત્યારે તે બીજા સ્થાને છે અને ન્યૂઝીલેન્ડનો માર્ટિન ગુપ્ટિલ તેનાથી આગળ છે.

રોહિતે અત્યારસુધી ૧૦૮ ્-૨૦માં ૧૨૭ સિક્સ મારી છે, જ્યારે માર્ટિન ગુપ્ટિલે ૯૯ મેચમાં ૧૩૭ સિક્સ ફટકારી છે. ઈંગ્લેન્ડનો કપ્તાન ઓઈન મોર્ગન ત્રીજા સ્થાને છે. તેણે ૯૭ મેચમાં ૧૧૩ સિક્સ મારી છે. મોર્ગન પણ આ શ્રેણીમાં પોતાની સિકસીસમાં વધારો કરી શકે છે.

ટીમ ઈન્ડિયાના કપ્તાન વિરાટ કોહલીની છાપ સિક્સ હિટર તરીકેની નથી. તેમ છતાં તે્-૨૦માં સૌથી વધુ સિક્સ મારનાર ભારતીય બેટ્સમેનની સૂચિમાં બીજા સ્થાને છે. વિરાટે ૮૫ મેચમાં ૮૧ સિક્સ મારી છે. વિરાટ આ શ્રેણીમાં સિક્સની સેન્ચુરી પૂરી કરી શકે છે. જોકે તે માટે તેણે થોડી આક્રમક બેટિંગ કરવી પડશે.

સિક્સ ફટકારવામાં ન્યૂઝીલેન્ડની ટીમ સૌથી આગળ છે. ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોએ અત્યારસુધીમાં ૮૫૪ સિક્સ મારી છે. બીજા સ્થાને વેસ્ટ ઈન્ડીઝની ટીમ છે.

## ૨૫ વર્ષ પહેલા લાઈવ કોન્સર્ટ દરમ્યાન અજાણ્યા શખ્સે રિવોલ્વર બતાવી હતી : પંકજ ઉદાસ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૦



જાણીતા ગઝલકાર પંકજ ઉધાસ એક લાઈવ કોન્સર્ટ કરી રહ્યા હતા, ત્યારે એક શખ્સ તેમની પાસે આવ્યા અને સામે બેઠેલા વ્યક્તિએ રિવોલ્વર દેખાડી દીધી. આ કિસ્સો ૨૫ વર્ષ જૂનો છે અને ખૂબ જ દિલચસ્પ છે. કેટલીય વખત ખુદ પંકજ ઉધાસ આ કિસ્સાને યાદ કરે છે. તાજેતરમાં જ દ કપિલ શર્મામાં પંકજ ઉધાસે ૨૫ વર્ષ જૂની એક વાત કહી હતી. પંકજ ઉધાસ અહીં હરિહરન અને અનુપ જલોટાની સાથે પહોંચ્યા હતા. આ દરમ્યાન ત્રણ મહાન વ્યક્તિઓ ખૂબ દિલચસ્પ ચર્ચા કરી. આ દરમ્યાન પંકજ ઉધાસે કહ્યું કે આ વાત ૨૫ વર્ષ પહેલાંની છે.

એક લાઈવ કોન્સર્ટમાં ગીત ગાતા હતા. ત્યારે એક શખ્સ તેમની પાસે આવ્યો અને કાનમાં કહ્યું કે એક ખાસ ગઝલ સાંભળવા માંગે છે. તરત જ સંભળાવો. જે વ્યક્તિ ગઝલ સાંભળવા માંગતો હતો તે સામે બેઠો હતો. જ્યારે પંકજ ઉધાસે સામે બેઠેલા વ્યક્તિની તરફ જોયું તો એ શખ્સે ખિલ્સામાંથી રિવોલ્વર નીકાળી અને તેમને દેખાડવા લાગ્યા. આ જોઈને ગાયકની હાલત ખરાબ થઈ ગઈ હતી. આ દરમ્યાન અનુપ જલોટાએ પણ એક કિસ્સો શેર કર્યો. તેમણે કહ્યું કે એક શખ્સે એક વખત તેમની પાસે ખાસ ભજન સાંભળવાની અપીલ કરી પરંતુ ભજન શરૂ થતાં જ અપીલ કરનાર વ્યક્તિ ઉઠીને બહાર જતો રહ્યો. જ્યારે ભજન પૂરું થયું તો પાછા આવી ગયા.

## ‘મારું વજન એક રાષ્ટ્રીય મુદ્દો બની ગયો હતો’: વિદ્યા બાલન



મુંબઈ,તા.૧૦

વિદ્યા બાલનને પોતાના વજનને લીધે ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો. એક ઈન્ટરવ્યૂમાં વિદ્યાએ પોતાનું દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે, ‘મારું વજન એક રાષ્ટ્રીય મુદ્દો બની ગયો હતો. મેં જે પણ કર્યું તેના માટે તે ખરાબ સમયમાંથી બહાર નીકળવું જરૂરી હતું. તે સમયે આ જાહેર અને અપમાનજનક હતું. મારું ફિલ્મી બેકગ્રાઉન્ડ નથી. કોઈ પણ સ્ટેજ લાસ્ટ હોતો નથી આવું કહેનારું કોઈ નહોતું.

ઈ-ટાઈમ્સ સાથે વાતચીતમાં વિદ્યાએ કહ્યું, ‘હું પહેલેથી ફેટ ગર્લ હતી. હું એ નહિ કહું કે ક્યારેય મારું વજન વધ્યું-ઘટ્યું નથી અને મને તેનાથી જરા પણ તકલીફ નહિ થઈ. પરંતુ મેં બહુ લાંબો રસ્તો કાપ્યો છે. મારી જિંદગીમાં હોર્મોનલ ઈશ્યુ રહ્યા છે. ઘણા સમય સુધી હું મારા જ શરીરને નફરત કરતી હતી. મને લાગતું હતું કે તેણે મારી સાથે દગો કર્યો છે. જ્યારે મારી પર સારા દેખાવ માટેનું દબાણ આવતું હતું ત્યારે જ મારું શરીર વધી જતું હતું અને મને ગુસ્સો અને દુઃખ થતું હતું.

વિદ્યાએ બોડી શેમિંગના પ્રશ્ન પર જવાબ આપતા કહ્યું કે, ‘મેં પોતાને પ્રેમ કરવાનું અને સ્વીકારવાનું શરૂ કર્યું. લોકો મને સ્વીકાર કરવા લાગ્યા. તેમણે મારા વખાણ કર્યા. સમય સાથે મેં નક્કી કરી લીધું કે, મારું શરીર એકમાત્ર વસ્તુ છે, જેણે મને જીવિત રાખી છે. જે દિવસે મારું શરીર કામ નહિ કરે એ દિવસે હું ક્યાંય જઈ નહિ શકું. હું કેટલા કપરા સમયમાંથી પસાર થઈ રહી છું તે મહત્ત્વનું નથી પણ હું જીવિત આ શરીરને લીધે જ છું.’

નેશનલ ફિલ્મ અવોર્ડ અને પદ્મશ્રીથી સન્માનિત વિદ્યા બાલને પોતાના કરિયરની શરૂઆત ટીવી શો ‘હમ પાંચ’(૧૯૯૫) થી કરી હતી. ૨૦૦૫માં ‘પરિણીતા’ ફિલ્મથી બોલિવૂડમાં પગ મૂક્યો. એ પછી ‘લગે રહો મુન્નાભાઈ’, ‘ગુરુ’, ‘પા’, ‘ધ ડર્ટી પિક્ચર’, ‘કહાની’, ‘હમારી અધૂરી કહાની’, ‘બેગમ જાન’ અને ‘મિશન મંગલ’ જેવી ફિલ્મમાં કામ કર્યું છે. તેની અપ કમિંગ ફિલ્મ ‘શેરની’ આ વર્ષે રિલીઝ થઈ શકે છે.

## ન્યૂયોર્કમાં બિલ્ડિંગના બીલ બોર્ડ પર છવાઈ પ્રિયંકાની બુક ‘અનફિનિશ્ડ’

મુંબઈ,તા.૧૦ : પ્રિયંકા ચોપરાએ ગયા મહિને પોતાની બુક ’અનફિનિશ્ડ’ લૉન્ચ કરી હતી. આ બુકમાં પ્રિયંકાએ પોતાની પર્સનલ તથા પ્રોફેશનલ લાઈફ અંગે ઘણી વાતો શૅર કરી હતી. ચાહકોને પ્રિયંકાની બુક ’અનફિનિશ્ડ’ ઘણી જ પસંદ આવી છે. હાલમાં જ પ્રિયંકાએ સો.મીડિયામાં એક તસવીર શૅર કરી હતી. આ તસવીરમાં પ્રિયંકાની બુક ’અનફિનિશ્ડ’નું કવર પોસ્ટર ન્યૂ યોર્ક સિટીના છ માળના બિલબોર્ડ પર જોવા મળે છે. પ્રિયંકાએ તસવીર શૅર કરીને કહ્યું હતું, ’ન્યૂ યોર્ક સિટીમાં પેન સ્ટેશનની બહાર એક છ માળની એમેઝોન બુક્સ બિલબોર્ડ પર ’અનિફિનિશ્ડ.’ મહિલાઓના અવાજને આગળ વધારવા માટે આ વિમેન્સ હિસ્ટ્રી મંથના સેલિબ્રેશનમાં સામેલ થવા અંગે ઘણી જ એક્સાઈટેડ છું. આ વાતને ખાસ બનાવે છે કે ’અનફિનિશ્ડ’ને લૉન્ચ થયે એક મહિનો થઈ ગયો.’ પ્રિયંકાની આ અચીવમેન્ટ પર તેના ચાહકો, પરિવાર તથા ફ્રેન્ડ્સે સો.મીડિયામાં શુભેચ્છા પાઠવી હતી. રીતિક રોશન તથા દિયા મિર્ઝાએ પણ તસવીર પર કમેન્ટ કરી હતી. ચાહકોએ કહ્યું હતું કે તેમને પ્રિયંકા પર ગર્વ છે. ન્યૂ યોર્ક સિટીમાં ઈન્ડિયન રેસ્ટોરાં પણ શરૂ કરી પ્રિયંકાએ તસવીર શૅર કરીને કહ્યું હતું, ’હું તમારી સામે ’સોના’ને રજૂ કરીને ઘણી જ ખુશ છું.






## હું એવોર્ડને મહત્વ નથી આપતો, પિતાને કરિયરમાં ક્યારેય બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો નથી : બોબી દેઓલ

મુંબઈ,તા.૧૦

૨૦૨૦નું વર્ષ બોબી દેઓલ માટે સારું ફળ્યું. ‘ક્લાસ ઓફ ૮૩’ અને ‘આશ્રમ’ જેવા OTT પ્રોજેક્ટ્સને લીધે બોબીના કરિયરને ફરી એક વેગ મળ્યો છે. બોબીને માત્ર દર્શકોનો પ્રેમ જ નહિ પણ દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ અવોર્ડમાં ‘બેસ્ટ એક્ટર’નું સન્માન પણ મળ્યું. અવોર્ડ મળવાને લીધે બોબી ઘણો ખુશ છે પરંતુ તેણે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, અવોર્ડ મેળવવો એટલું જરૂરી નથી. બોબીએ પિતા ધર્મેન્દ્રનું ઉદાહરણ આપી કહ્યું, મારા પિતા લીજેન્ડ છે. તેમને લાઈફમાં સિંગલ બેસ્ટ એક્ટરનો અવોર્ડ મળ્યો નથી. હું આવું જ જોઈને મોટો થયો છું. અવોર્ડની જરૂર હોતી નથી. તેમને લોકોનો પ્રેમ મળ્યો, મારા માટે આ જ અવોર્ડ છે. જો આ બાબતે અવોર્ડ મળે તો ચાહકોને ખુશી થાય છે.

પોતાને અવોર્ડ મળવા પર બોબીએ કહ્યું, એક્ટર તરીકે હું મારી ઈમેજ નિખારવા માગું છું જેથી મારું બેસ્ટ આપી શકું. હું ચાહકોનો આભારી છું. તેમને લીધે જ આ શક્ય થયું. હવે લોકો મને એક એક્ટર તરીકે પહેલાં કરતાં અલગ રીતે જોવે છે. એક્ટરે ૧૯૯૫માં રિલીઝ ‘બરસાત’ ફિલ્મથી બોલિવૂડ ડેબ્યુ કર્યું હતું. જો કે, તેની આ ફિલ્મ દર્શકોને ગમી નહોતી. એ પછી બોબીએ કરિયરના શરૂઆતના દાયકામાં ગુપ્ત, બાદલ અને બિચ્છુ જેવી ઘણી હિટ ફિલ્મ કરી. તે પછી ઘણી ફિલ્મમાં દેખાયો પણ તેની એક્ટિંગથી દિલ ના જીતી શક્યો. ત્યારબાદ તેને ફિલ્મની ઓફર્સ મળવાનું ઓછું થઈ ગયું હતું.

ત્રણ મહાનગરોમાં મેયર, ડેપ્યુટી મેયર સહિત ૧૨ પદાધિકારીઓની વરણી કરાઈ

# અમદાવાદ, વડોદરા અને ભાવનગરને મળ્યા નવા નગરપતિઓ

## અમદાવાદ

**મેયર :- કિરીટ પરમાર** **ડે. મેયર :- ગીતા પટેલ**



ગુજરાતમાં ૬ મહાનગરપાલિકા (અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર)ની ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજય બાદ આજથી તમામ મહાનગરપાલિકામાં મેયર અને ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની નિમણૂંક શરૂ કરવામાં આવી છે. ત્યારે અમદાવાદ શહેરના નવા મેયર તરીકે કિરીટ પરમારની વરણી થઈ છે, જ્યારે ગીતાબેન પટેલ ડેપ્યૂટી મેયર બન્યા છે. શાસક પક્ષના નેતા તરીકે ભાસ્કર ભટ્ટ જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે હિતેશ બારોટ અને દંડક તરીકે અરુણસિંહ રાજપૂતના નામની જાહેરાત કરવામાં આવી છે. નવા મેયર કિરીટ પરમારે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, એક સામાન્ય પરિવાર તેમજ ચાલીમાં રહેનાર વ્યક્તિને મેયર પદ આપવામાં આવ્યું તે બદલ હું પાર્ટીનો આભાર માનું છું. કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની જે યોજનાઓ ચાલી રહી છે, તે સામાન્ય વ્યક્તિઓ સુધી પહોંચે તેવા મારા પ્રયત્નો રહેશે. જણાવી દઈએ કે, નવા મેયર કિરીટ પરમાર એક હાર્ડકોર ઈજીજી કાર્યકર છે, તેઓ ખૂબ જ ઓછા લોકોમાંના એક છે જેમને સંઘમાં પ્રશિક્ષણના ૩ વર્ષ પૂર્ણ કર્યા છે. ૩ ટર્મના કોર્પોરેટર પરમારને સ્થાયી સભ્ય તરીકે વિશાળ અનુભવ છે. કિરીટ પરમાર હજુ પણ ચાલીમાં રહેતા હોવાનું જાણવા મળ્યું છે.

## વડોદરા

**મેયર :- કેયૂર રોકડિયા** **ડે. મેયર :- નંદાબેન જોશી**



વડોદરા મહાનગરપાલિકાના નવા મેયર તરીકે કેયુર રોકડિયા, ડેપ્યૂટી મેયર તરીકે નંદાબેન જોશી અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે ડૉ. હિતેન્દ્ર પટેલની વરણી કરવામાં આવી છે. વડોદરા મહાનગરપાલિકાના હોદ્દેદારોના આજે ભાજપ કાર્યાલય ખાતે નામો જાહેર કરવામાં આવ્યાં હતાં. સદનમાં પક્ષના નેતા અલ્પેશ લીંબચીયા અને દંડક તરીકે ચિરાગ બારોટની વરણી કરવામાં આવી હતી. વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે જંગી બહુમતી હાંસલ કરી હતી. ૭૬ સિટીમાંથી ભાજપે ૬૯ ભાજપે આંચકી હતી. ત્યારે આજે મેયર ડેપ્યૂટી મેયર સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષના સભ્યોને સયાજીગંજ ખાતે આવેલા ભાજપ કાર્યાલય ખાતે નામોને જાહેરાત કરવામાં આવી હતી. તેમાં મેયર તરીકે યુવા કેયૂર રોકડિયા, ડેપ્યૂટી મેયર તરીકે નંદાબેન જોશી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે ડોક્ટર હિતેન્દ્ર પટેલ, પક્ષના નેતા તરીકે અલ્પેશભાઈ લીંબચીયા, દંડક તરીકે ચિરાગ બારોટની પસંદગી કરવામાં આવી હતી. મેયરપદે કેયૂર રોકડિયાની વરણી કરવામાં આવી છે. તે અગાઉ પણ યુવા ભાજપના પ્રમુખ રહી ચૂક્યાં છે. શિક્ષણ સમિતિના ચેરમેન, એફઆરસી સભ્ય પણ રહી ચૂક્યાં છે અને એક યુવા તરીકે મેયર કેયૂર રોકડિયાની વરણી કરવામાં આવી હતી. ડોક્ટર હિતેન્દ્ર પટેલ જે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન છે.

## ભાવનગર

**મેયર :- કીર્તિબેન દાણીધારીયા** **ડે. મેયર :- કૃણાલ શાહ**



આજે ભાવનગરમાં નવા મેયર તરીકે કીર્તિબેન દાણીધારીયાની વરણી થઇ છે, ડેપ્યુટી મેયર તરીકે કૃણાલ શાહનાં નામની જાહેરાત કરવામાં આવી છે. ભાવનગર સ્ટેન્ડિંગ કમિટીના ચમેરન તરીકે ધીરુભાઈ ધામેલીયા, પક્ષના નેતા તરીકે બુધાભાઈ ગોહિલ અને દંડક તરીકે પંકજસિહ ગોહિલની વરણી કરવામાં આવી છે. આપને જણાવી દઈએ કે, ભાવનગર મહાનગરપાલિકામાં પણ સામાન્ય સભામાં મેયર, ડેપ્યૂટી મેયર અને સ્ટેન્ડિંગના ૧૨ સભ્યોની આજે નિયુક્તિ કરવામાં આવી. ભાવનગરમાં મેયર પદ માટે સામાન્ય મહિલા અનામત બેઠક છે. આજે અમદાવાદના નવા મેયર તરીકે કિરીટ પરમાર, ડેપ્યુટી મેયર તરીકે ગીતા પટેલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે હિતેશ બારોટના નામની જાહેરાત કરવામાં આવી છે. અમદાવાદના ૪૧માં મેયરની વરણી કરવામાં આવી છે. અમદાવાદના મેયર કિરીટ પરમાર ઠક્કરબાપાનગર વોર્ડના કાઉન્સિલર છે. જ્યારે ડેપ્યુટી મેયર ગીતાબેન પટેલ નારાયણપુરા વોર્ડના કાઉન્સિલર છે. તેમજ સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન હિતેશ બારોટ થલતેજના કાઉન્સિલર છે. આ ઉપરાંત અમદાવાદ મનપામાં ભાજપના દંડક તરીકે અરૂણસિંહ રાજપૂતની વરણી કરવામાં આવી છે. અમદાવાદ કોર્પોરેશનમાં પક્ષના નેતા તરીકે ભાસ્કર ભટ્ટની વરણી કરવામાં આવી છે.

## રાજકોટ સિવિલમાં તબીબની બેદરકારીથી માતા-પુત્રીનું મોત : પરિવારજનોનો હોબાળો



(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૦

એક તરફ રાજકોટ સિવિલ હોસ્પિટલની સુવિધામાં ધરખમ ફેરફાર કરી અને અત્યાધુનિક બનાવવામાં આવી રહી છે તેની વચ્ચે પણ અહીં દાખલ થતા દર્દીઓ તબીબી બેદરકારીના કારણે મોત થવાના આક્ષેપોનો સિલસિલો હજુ પણ અટકવાનું નામ લેતો નથી. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ માતા અને નવજાત પુત્રીનું મોત થતાં તેમના પરિવાજનોએ હંગામો મચાવ્યો હતો તેમજ તબીબની બેદરકારીથી મોત થયાનો આક્ષેપ લગાવ્યો હતો.

૨૧ વર્ષીય મહિલાની ૭ મહિનાના અપૂરતા માસે સિઝરીયન ડિલેવરી કરી બાળકીને જન્મ આપવામાં આવ્યો હતો. બાળકીના જન્મ બાદ ૨૪ કલાકમાં બાળકીનું મુત્યું થયું હતું અને તેના ૬ કલાક બાદ માતાનું મૃત્યુ થતા પરિવારજનોમાં રોષ ફેલાયો હતો. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ગત રવિવારના રોજ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં અનિકાબેન સાવનભાઈ વાઘેલા અને તેની નવજાત બાળકી સારવાર માટે દાખલ હતાં. જેમના મોત થતાં પરિવારજનોએ હંગામો મચાવ્યો હતો.મૃતકના પરિવારજનો દ્વારા ઉગ્ર સૂત્રોચ્ચાર કરાયા હતા.

પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે, મહિલા અને નવજાત બાળકીનું મોત તબીબની બેદરકારીથી થયું છે. પરિવાજનોએ જવાબદાર તબીબને સસ્પેન્ડ કરવાની માંગ કરી હતી. તેમજ જવાબદાર સામે કાર્યવાહી નહીં થાય

## શનિવારથી સરકારી બેંકો ચાર દિવસ સુધી બંધ રહેશે

### શનિ-રવિ જાહેર રજા તથા સોમ-મંગળ ખાનગીકરણના વિરોધમાં કર્મચારી હડતાળ

ચક્રવાત ટીમ રાજકોટ તા.૧૦

આગામી શનિવાર તા.૧૩ થી ૪ દિવસ માટે રાષ્ટ્રીયકૃત બેંકો બંધ રહેશે. શનિ-રવિ જાહેર રજા છે. ઉપરાંત સોમ તથા મંગળવારે તા.૧૫-૧૬ના રોજ બેંક કર્મચારી સંગઠનો દ્વારા ખાનગીકરણ તેમજ પડતર માંગો સંદર્ભે સૌરાષ્ટ્રમાં આવેલ તમામ સરકારી બેંકોના કર્મચારીઓ દ્વારા હડતાલનું એલાન આપવામાં આવેલ છે. બેંક કર્મચારી યુનિયન તેમજ ફેડરેશન ઉપક્રમે જાહેર કરાયેલ હડતાલમાં રાષ્ટ્રીયકૃત (સરકારી) બેંકો સાથે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આવેલ તમામ ગ્રામીણ બેંકોના કર્મચારીઓ પણ જોડાનાર છે.

શુક્રવારે બેન્કો ખુલ્લી રહેશે ત્યાર બાદ શનિ-રવિ રજા હોવાથી બેંકોનું કામકાજ બંધ રહેશે તેમજ સોમ તથા મંગળવારે કર્મચારી મંડળોના એલાન મુજબ હડતાલ રહેશે જેથી બેંકનું કામકાજ ખોરવાયેલ રહેશે. એક અંદાજ મુજબ સોમ-મંગળવારની હડતાલમાં સૌરાષ્ટ્ર-કચ્છનાં ૯૦૦૦ થી વધુ કર્મચારી-અમલદાર દ્વારા સરકારની કર્મચારી વિરોધી નીતિ સામે બેંકો બહાર ધરણા, પ્રદર્શન અને સૂત્રોચ્ચાર જેવા કાર્યક્રમ જાહેર કરવામાં આવનાર છે.

## ઉનામાં ચૂલો સળગતા ભડકી આગ : પાંચ સભ્યો આગની લપેટમાં, ત્રણની હાલત ગંભીર



ચક્રવાત ટીમ કૈલાશ ભટ્ટ,તા.૧૧

ઉના શહેરના વડાલા વિસ્તારમાં ગતરાત્રીના સમયે મુસ્લીમ શ્રમિક પરીવારની મહીલા ગેસનો ચુલ્લો સળગાવતા અચાનક આગ લાગતા પરીવારના પાંચ સભ્યો ગંભીર રીતે દાઝી જતાં તમામને સારવાર અર્થે હોસ્પીટલમાં ખસેડવામાં આવતા જ્યાં તબીબે ૩ ની હાલત ગંભીર હોવાનું જણાવતા વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરેલ જ્યારે આગની ધટના બનતા સ્થળ પર તેમજ હોસ્પીટલે લોકો વિશાળ સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ વડાલા વિસ્તારમાં રહેતા મુસ્લીમ શ્રમિક પરીવારના ઈકબાલભાઇ રેમાનભાઇ બ્લોચ તેમના પત્નિ અલ્લારખીબેન, પુત્ર અલ્ફાઝ ઉ.વ. ૧૬ અને બે પુત્રીઓ અકક્ષા ઉ.વ.૧૧, અલ્સીફા ઉ.વ.૧૩ મળી શ્રમિક પરીવારના તમામ સભ્યો પેટ્યુ રળવા મજુરી કામ કરતા હોય જેમાં ગઈકાલ તા.૯ માર્ચના રોજ સવારે ધરના પાચેય સભ્યો મજુરી કામે ગયેલ હોય અને સાંજના સમયે ધરે પરત ફર્યા હતા. અને રાત્રીના રસોઈ બનાવતા પહેલા ગેસના બાટલાની પાઈપ ચુલ્લા સાથે જોડેલ હતી. અને બાદમાં પરીવારના સભ્યો ધરમાં રોજીદી વાત કરી અને નવ વાગ્યાની આસપાસ અલ્લારખીબેન ઓસરીમાં રસોઈ બનાવવા ગયેલ અને પરીવારના અન્ય સભ્યો ધરમાંજ હતા. અને અચાનકજ અલ્લારખીબેન ગેસનો ચુલ્લો સળગાવતાની સાથેજ ગેસના બાટલાનું રેગ્યુલેટર નળી માંથી નિકળી જતા ગેસ અને આગનો સંપર્ક થતા આગ આખા ધરમાં ફેલાઈ જતા ધરના તમામ સભ્યો આગની લપેટમાં આવી ગયા હતા.

## વાંકાનેર તાલુકાના જુના ઢુવા નજીક ટ્રેન હડફેટે આવી જતા યુવાનનું મોત



ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૧૦

વાંકાનેર તાલુકાના જુના ઢુવા રેલ્વે ફાટક નજીક એક યુવાન ટ્રેન હડફેટે આવી જતા તેને ગંભીર ઈજા પહોંચી હતી જેમાં તેનું મોત થયું હતું. જેથી આ બનાવ અંગે વાંકાનેર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકાનાં જુના ઢુવા ગામ ખાતે રહેતા મુન્નાભાઈ બાબુભાઈ સરૈયા (ઉ.વ.૩૮) ગકાલના રોજના વાંકાનેરના ઢુવા રેલ્વે ફાટક નજીક ટ્રેન હડફેટે આવી જતા તેનું ગંભીર ઈજાઓના લીધે મોત થયું હતું. જેથી બનાવ અંગે વાંકાનેર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સાદાઈનો નમૂનો : અમદાવાદના નવા મેયર રહે છે છાપરાવાળા મકાનમાં

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૦



અમદાવાદના નવા મેયરની જાહેરાત કરવામાં આવી છે. કિરીટ પરમાર અમદાવાદના નવા મેયર બન્યા છે. ઠક્કરબાપાનગર વોર્ડના ઉમેદવાર કિરીટ પરમાર પર પ્રદેશ ભાજપે પસંદગીનો કળશ ઢોળ્યો છે. ત્યારે ડેપ્યુટી મેયર તરીકે નારણપુરા વોર્ડના ગીતા પટેલની વરણી થઈ છે. મેયર તરીકે કિરીટ પરમારના નામની ચર્ચા પહેલેથી જ ચાલી રહી હતી. હવે પક્ષ દ્વારા પણ તેમની જ પસંદગી કરાઈ છે. હિતેશ બારોટને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન બનાવાયા છે. આ સાથે જ નવા શાસકોના નામની જાહેરાત કરાઈ છે. શાસક પક્ષના નેતા તરીકે ભાસ્કર ભટ્ટની વરણી કરવામાં આવી છે. તો ભાજપના દંડક તરીકે ચાંદખેડા વોર્ડના અરુણસિંહ રાજપૂતની પસંદગી કરાઈ છે. કિરીટ પરમારની વાત કરવામાં આવે તો તેઓ વર્ષથી સંઘ સાથે જોડાયેલા છે. તેઓ એક નાના કાર્યકરમાંથી મેયર પદ સુધી પહોંચ્યા છે. પહેલીવાર તેઓ પોટલિયા વોર્ડથી ચૂંટણી જીત્યા હતા. તેમની ઘર ચાલીમાં આવેલું છે. તેઓ છાપરાવાળા મકાનમાં રહે છે. મેયર પદ માટે નામની જાહેરાત થયા બાદ તેઓ ભાવુક થઈ ગયા હતા અને મીડિયા સામે ભારતીય જનતા પાર્ટીનો આભાર માન્યો હતો.

## મેયર ન બનાવતા નારાજગી : ધ્રુસકે ધ્રુસકે રડતા વર્ષાબાનો જીતુ વાઘાણી પર આક્ષેપ

(જી.એન.એસ.)ભાવનગર,તા.૧૦



ભાવનગરમાં આજે નવા મેયર અને પાલિકાના પદાધિકારીઓના નામની જાહેરાત થઈ છે. ભાવનગરના નવા મેયર કિર્તીબેન દાણીધારિયાની વરણી કરાઈ છે. તો ભાવનગરના ડે.મેયર પદે કૃણાલ શાહની વરણી કરાઈ છે. પરંતુ ભાવનગરમાં નવા મેયરની જાહેરાત થતા જ ડખ્ખો થયો હતો. મેયરની જાહેરાત પછી ભાવનગરમાં નારાજ થયેલા વર્ષાબા જાડેજાએ ભાજપ કાર્યાલય પર દેકારો મચાવ્યો હતો. એટલું જ નહિ, તેમણે મેયર તરીકે પોતાના નામની પસંદગી ન થતા દિવાલ પર માથા પછાડ્યા હતા. સાથે જ તેમણે પૂર્વ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીના કારણે પોતાનુ નામ કપાયાનો આક્ષેપ કર્યો છે.

ભાવનગરનું મેયર પદ પ્રથમ અઢી વર્ષ માટે મહિલા માટે અનામત છે. ત્યારે ભાવનગરમાં મેયર પદ માટે કીર્તિબેન દાણીધારીયા, વર્ષાબા પરમાર, યોગીતાબેન ત્રિવેદી અને ભારતીબેન બારૈયાના નામ ચર્ચામાં હતા. ત્યારે આખરે આજે કીર્તિબેન દાણીધારીયાના નામની મેયર તરીકે જાહેરાત કરાઈ છે. ત્યારે ભાવનગર મેયર પદ માટે જેમનું નામ ચર્ચામાં ચાલતું હતું, તે વર્ષાબા પરમારને મેયર ના બનાવાતા વર્ષાબા ધ્રુસકે ધ્રુસકે રડી પડયા હતા.

## પ્રદેશ ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક ત્રણ દિવસ સુધી યોજાશે

### જિલ્લા-તાલુકા પંચાયતો તેમજ પાલિકાનાં પ્રમુખ સહિતના હોદ્દેદારોની નિયુક્તિ અંગે ચર્ચા થશે

ચક્રવાત ટીમ રાજકોટ તા.૧૦

રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીનાં પરિણામો આવ્યા બાદ આજે અમદાવાદ, વડોદરા અને ભાવનગર મહાપાલિકાનાં મેયર સહિતનાં પદાધિકારીઓની પ્રદેશ ભાજપ મોવડી મંડળના માર્ગદર્શનમાં જાહેર કરાયા બાદ હવે રાજકોટ, સુરત અને જામનગર મહાપાલિકાનાં મેયર સહિતનાં હોદેદારોની નિમણુંકો આગામી રવિવાર સુધીમાં જાહેર થવાની પુરેપુરી શક્યતાઓ છે. મહાનગરો ઉપરાંત જિલ્લા-તાલુકા પંચાયતો અને નગર પાલિકાનાં પ્રમુખ સહિતના હોદેદારો અંગે ચર્ચા વિચારણા કરવા ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક આવતીકાલે તા.૧૧ ઉપરાંત તા.૧૩ તથા ૧૫નાં રોજ મુખ્યમંત્રી નિવાસસ્થાને યોજાનાર છે.

જિલ્લા-તાલુકા પંચાયતો તેમજ નગરપાલિકાઓમાં જ્યાં ભાજપને સ્પષ્ટ બહુમતિ મળેલ છે. તેના પ્રમુખ-ઉપપ્રમુખ તેમજ કારોબારી સમિતિનાં અધ્યક્ષ ઉપરાંત અન્ય પદાધિકારીઓની નિમણુંક સંદર્ભે ભાજપના પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકમાં ચર્ચા યોજાનાર છે. ત્યાર બાદ પ્રદેશ ભાજપ પ્રમુખ દ્વારા લીલીઝંડી મળતા જ તેની સતાવાર જાહેરાત કરવામાં આવનાર છે.






## હાર્દિક પટેલને હાઈકોર્ટનો ઝટકો કાયમી રીતે નહીં જઈ શકે રાજ્ય બહાર

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૦

કૉંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલને ગુજરાત હાઈકોર્ટમાંથી ઝટકો મળ્યો છે. હાર્દિક પટેલને રાજ્ય બહાર જવાની પરવાનગી અંગે આજે ઝટકો મળ્યો છે. હાર્દિક પટેલને હાલમાં રાજ્ય બહાર જવા માટે કોર્ટની પરવાનગી લેવી જરૂરી છે. ત્યારે હાર્દિકે રાજ્ય બહાર કાયમી પ્રવાસ કરવા માટે પરવાનગી માંગી હતી પરંતુ આજે ગુજરાત હાઈકોર્ટે તેમની અરજી ફગાવી દીધી હોવાના અહેવાલ છે. અગાઉ હાર્દિક પટેલ સેશન કોર્ટે અમદાવાદ ખાતે પંદર દિવસ માટે ગુજરાત બહાર જવાની મંજૂરી આપી હતી. આજે હાઈકોર્ટમાં આ સંદર્ભમાં હાર્દિકે કરેલી અરજીની સુનાવણીમાં કોર્ટે મંજૂરી આપી નથી. પાટીદાર અનાતમત આંદોલન દરમિયાન હાર્દિક પટેલ પર રાજદ્રોહનો કેસ થયો હતો અને તેમની ધરપકડ કરી અને તેમને સુરતની લાજપોર જેલમાં મૂકી દેવામાં આવ્યા હતા.

દરમિયાન તેમને જામીન મળ્યા બાદ પહેલાં ચોક્કસ સમય માટે રાજ્યની બહાર રહેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રાજ્યની બહાર જવા માટે પરવાનગી લેવાની શરત હતી. અગાઉ પણ હાર્દિક અંગત અને રાજકીય પ્રવાસો માટે પરવાનગી માંગી બહાર ગયા હતા ત્યારે હવે તેમણે આ મુદ્દે કાયમી ધોરણે રાજ્ય બહાર જવાની પરવાનગી માંગી હતી ત્યારે કોર્ટે તેમની અરજી ફગાવી છે.

## ગીરગઢડાના ઈંટવાયા નજીક ટ્રેક્ટર-બાઈક વચ્ચે અકસ્માત : બાઈકચાલકનું મોત, એક ગંભીર



ચક્રવાત ટીમ કૈલેશ ભટ્ટ,તા.૧૧

ઉના ગીરગઢડા પંથકમાં છાસવારે અકસ્માતની ધટનાઓ વધી રહી છે. ત્યારે બે દિવસ પહેલા ઉના ગીરગઢડા રોડ પર ટ્રક ચાલકે બાઈકને પાછળથી ઠોકરી મારતા અકસ્માતે બાઈક ચાલકનુ મોત નિપજ્યુ હતું. ત્યારે ગત રાત્રીના ગીરગઢડાના ઈંટવાયા ગામ નજીક ટ્રેક્ટર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકનું મોત નિપજ્યુ હતુ. જ્યારે બાઈક પાછળ બેઠેલ યુવાનને માથાના ભાગે ઈજા પહોચતા સારવાર અર્થે હોસ્પીટલે ખસેડાયેલ છે. આ અંગે ટ્રેક્ટર ચાલક સામે ગીરગઢડા પોલીસમાં ફરીયાદ નોધાયેલ હતી.

ગીરગઢડાના ઈંટવાયા ગામે રહેતા વાલજીભાઈ ડાયાભાઈ સોંદરવા ઉ.વ.૩૫ તેમજ તુલસીભાઈ બીજલભાઈ જોગદીયા બન્ને યુવાનો બાઈક નં.જીજે ૧૪ એજી ૪૬૯૪ ડબલ સવારીમાં ફાટસર ગામ બાજુથી ઈંટવાયા પોતાના ધરે આવતા હતા. ત્યારે સામેથી આવતુ ટ્રેક્ટર નં.જીજે ૧૧ એડી ૪૬૨૬ નો ચાલક બેફીકરાઈથી ગફલત ભરી રીતે ચલાવી આવતો હતો. ત્યારે બાઈક ચાલકને હડફેટે લેતા અકસ્માત સર્જાયેલ જેમાં વાલજીભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોચતા તેનું ધટના સ્થળ પર મોત નિપજ્યુ હતું. જ્યારે તુલસીભાઈને પણ માથાના ભાગે નાની મોટી ઈજા પહોચી હતી.

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)